શ્રી ૧|
ૐ
અપેક્ષા કેવળ સત્યને પામવાની.........

# દક્ષ દ્રષ્ટી

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ માસિક
Email : daksh_drasti@rediffmail.com
R.N.I. NO. GUJGUJ/2007/21258
Post.Reg.No : G - KDA - 71 / 07 - 09
DAKSH DRASTI




વર્ષ : ૪ અંક : ૩ સળંગ અંક - ૩૯ તારીખ ૫/૬/૨૦૧૦ શનિવાર વૈશાખ વદ - ૮ સંવત ૨૦૬૬ કિંમત રૂા.૧૦/- પાન : ૮
Year : 4, No-3, Sr.Vol.No-39 Date : 5/6/2010 Saturday Price Rs.10/- Page : 8
મુદ્રક/પ્રકાશક/તંત્રી :- મનોજભાઇ બાબુભાઇ જોષી, ૧૧૮-ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજ બજાર, નડીઆદ - ૩૮૭૦૦૧, ફોન : (ઓ) ૦૨૬૮-૨૫૬૪૨૩૨,

## ભાવનગરમાં બ્રહ્મ મહાકુંભ, બ્રહ્મ ચોર્યાસી અને બ્રહ્મ મહાસંમેલન નો ત્રિવેણી સંગમ.



ભાવનગરના જવાહર મેદાનમાં પાંચલાખ ચો.ફૂટથી વધુ વિશાળ સમીયાળો, ૧૨૫૭ બ્રાહ્મણ બટુકોનો સમુહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ થયો. જેમાં દેશ વિદેશમાંથી ત્રણ લાખથી વધુ બ્રહ્મ બંધુઓએ ભાગ લીધો. બ્રહ્મસેના ના અધ્યક્ષ શ્રી ભાવેશભાઇ રાજ્યગુરૂ, અશોકભાઇ વ્યાસ, સુરેશભાઇ મીસ્ત્રી,કેતનભાઇ વ્યાસ, શ્રી રમેશભાઇ રાવલ (સિંહ) સહિત હજારો સ્વયંસેવકો મહેમાનોની સરભરામાં ખડે પગે સેવા કરી હતી. મંડપમાં એરકુલરની સુંદર વ્યવસ્થા ગોઠવી અસહ્ય ગરમી ની સીઝનમાં ગુલાબી ઠંડી પ્રસરાવી હતી.

બીજી બાજુ બ્રહ્મસેના દ્વારા બ્રહ્મ રક્ત ગંગા કેમ્પમાં બ્રહ્મયુવાનો એ હજારો બોટલ લોહીનું દાન કર્યું હતું. ભાવનગર રેડક્રોસ સોસાયટીએ સમગ્ર કેમ્પની જવાબદારી લીધી હતી. આ શુભ પ્રસંગે પ.પૂ.જગદગુરૂ શંકરાચાર્ય મહારાજ દ્વારકા શારદાપીઠ, અનંત શ્રી વિભૂષિત સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ, દંડી સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ, પ.પૂ.તેજેન્દ્ર પ્રસાદજી મહારાજ, પ.પૂ. મુક્તાનંદ બાપુ, ગોંડલના આચાર્ય શ્રી ઘનશ્યામદાસજી મહારાજ, પ.પૂ.સીતારામ બાપુ, વિગેરેના હાજરી અને આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. બ્રહ્મ સેનાનું ધ્યેય બ્રાહ્મણોનું સંગઠન સેવા માટે પારદર્શક બ્રહ્મસેનામાં કોઇ ખોટી વ્યક્તિ નહિ અને ખોટી વ્યક્તિ માટે બ્રહ્મસેના નહિ બ્રાહ્મણે તમામ સમાજો માટે ઘણુ બધુ આપ્યું છે. કોની પાસેથી લીધુ નથી. તેથી તે ભૂદેવ છે. બ્રાહ્મણને સીધો સબંધ સરસ્વતીજીની સાથે છે. બ્રાહ્મણો કદી પણ લક્ષ્મીજીને યાદ કરતા નથી. ભગવાન વિષ્ણુને બ્રાહ્મણ પ્રિય છે. તેથી લક્ષ્મીજીને બ્રાહ્મણને ત્યાં સરસ્વતીજીની સાથે આવવું જ પડે છે. બ્રાહ્મણ ક્રોધી હોય પણ કપટી ન હોય, બ્રાહ્મણ કોઇનું ઝુટવી ન લે, આપેલું જ સ્વીકારે, બ્રાહ્મણ રાજી તો ભગવાન રાજી અને બ્રાહ્મણના અંતઃકરણના આશિર્વાદથીજ સમાજ કલ્યાણમાં વધારો થાય છે. બ્રાહ્મણને આપેલ દાન ભગવાનને આપ્યા સમાન છે. બ્રાહ્મણ એ તો સૂર્ય છે. અને સૂર્યની સામે કોઇ ધૂળ ઉડાડીજાય એ વાતમાં દમ નથી. સૂર્યને તેની કશી અસર થતી નથી.

અનુસંધાન પાન (૮) પર

## તંત્રી લેખ
## જીવન નૈયા

મીત્રો,

એક વખત બેટ દ્વારકા જવાનું થયુ ત્યારે જતી વખતે પવન એટલો બધો સુસવાટા મારતો હતો કે અમારી હોડી થોડી જ વારમાં બેટ ઉપર પહોંચી ગઇ શઢ એવા તો ભરચક ભરાયેલા કે જાણે હવાના જોશથી ફાટી જશે. હોડી માંથી ઉતરતા મે નાવિકોને કહ્યું: આવતી વખતે તો પવન ખૂબજ અનુકુળ આવ્યો પણ વળતી વખતે ખબર પડશે. એક વૃધ્ધ નાવિકે જવાબ આપ્યો : ભાઇ દર્શન કરીને આવો એટલે વળતા વાત. દર્શન કરતી વખતે પણ મારા મનમાં વારંવાર આ ચિંતા ઉભરાઇ જતી કે આવા સજ્જડ સામા પવનમાં હોડીને તીરે લઇ જવાનું ખરેખર દોહ્યલુ થઇ પડશે.

દર્શન પતાવીને અમે હોડીમાં બેઠાખલાસીઓએ અલંગ ઉઠાવ્યા ને હોડી સડસડાટ ઉપડી. મને એનું રહસ્ય ન સમજાયુ. મારી મુંઝવણ કળી જઇને પેલા વૃધ્ધ ખલાસીને કહ્યું: સહેજ ઉંચે સઢ તરફ જુઓ એટલે તમારા પ્રશ્નનો જવાબ મળી જશે. વાયરાને તો જેમ વાવું હોય તેમ વાય, આપણે સઢ શી રીતે ગોઠવીએ છીએ એના ઉપર જ બધો આધાર છે.

આનંદ અને આશ્ચર્યથી હું નોંધી રહ્યો હતો કે બેટ ઉપર ગયા ત્યારે પવન જે દિશામાં વાતો હતો અત્યારે પણ તે દિશામાં પવન ની ગતિ હતી. છતા પણ શઢમાં જરૂરી ફેરફાર કરવાથી એ વાયરો અત્યારે હોડીને સાવ સામી જ દિશામાં લઇ જઇ રહ્યો હતો તો આ બધી કરામત સઢની હતી.

સંસારના સાગરમાં જીવનનૌકા લઇને નીકળેલા આપણા સહુને પણ સર્વદા અનુકુળ વાયરા ક્યાં મળે છે? બલ્કે મોટેભાગે તો આપણે વિરોધી વંટોળીયા વચ્ચે જ આપણાં વહાણ હંકારવાના હોય છે. આ સંજોગોમાં જેમને પોતાના સઢ સમાલતા આવડે, વાતાવરણને અનુકુળ થતા આવડે અને વિરોધી પરિસ્થિતિનો પણ ઉચિત ઉપયોગ કરતા આવડે એમની જીવનનૌકા જ ધાર્યા બંદરે પહોંચી શકે. પણ આપણે જોઇએ છીએ કે મોટા ભાગના વહાણ ખરાબે ચઢી ગયેલા હોય છે. તેમને વંટોળ દોરે ત્યાં એ જાય. ક્યાંક ખડકે અફળાય ને ક્યાંક ભમરીઓમાં ઘૂમરાય. પછી એ બંદરે કેમ પહોંચે ? એમને કિનારો કેમ મળે ? આ દ્રષ્ટિથી જોતા સમજાય છે કે જીવન યાત્રા એટલે જ અનેક વિધ પરિસ્થિતિઓ સાથે અનુકુલન સાધવાની પ્રક્રિયા, વિસંવાદી શ્વરો સાથે પણ તાલ મિલાવવાની કળા.

અતિશય ધરતીકંપો થતા હોવાથી જાપાનને ધરતીકંપનો દેશ કહેવામાં આવે છે. આ દેશના પ્રવાસે આવેલા એક અમેરીકન પ્રવાસિએ એક જાપાન નિવાસીને પુછ્યુ : આ તો ધરતીકંપનો દેશ કહેવાય છે ? ને પેલાએ તરત જવાબ આપ્યો. અલબત વિદેશીઓ જાપાનને ધરતીકંપનો દેશ કહે છે. પણ અમે તો રોજ રોજના ધરતીકંપોથી એટલા બધા ટેવાઇ ગયા છીએ કે આને અમે અનુકુલનનો દેશ કહીએ છીએ.

પોતાના દેશના કુદરતી તોફાનો અને ધરતીકંપોને પણ પ્યાર કરનારા આ જાપાનીના દેશમાં જઇએ તો નજરે જોતા જ આપણને સમજાય કે, બીજા વિશ્વયુધ્ધ પછી આખા જગતમાં વિકાસની દ્રષ્ટિએ છેક પહેલી હરોળમાં આવી ગયેલા આ જાપાનને જાણે કે ધરતીકંપો સાથે દોસ્તી જ બાંધી દીધી છે. ત્યાં ધરતીકંપ અનિવાર્ય છે. એમ બરાબર સમજી લઇને જ એ દેશના લોકોએ પોતાના જીવનના સર્વ વ્યવહારો ગોઠવી લીધા છે. ધરતીકંપને નાથવાના એમના પ્રયત્નો છે જ. જો કે એમાં પૂરતી સફળતા નથી મળી. એટલે ધરતીકંપ જાપાનને અનુકુળ ના થયો તો એ જાતે જ ધરતીકંપને અનુકુળ થઇ ગયા.

લખવા બોલવા કે કલ્પના કરવા જેટલુ આ સહેલુ નથી. જે આપણીય જીવનભોમકામાં સામાન્ય ધ્રુજારા તો વારંવાર આવે જ છે. પણ કેટલીક વાર એ હદે ધરતીકંપ પણ થાય છે જ્યારે આપણને લાગવા માંડે કે હવે તો પૂરા થઇ જ ગયા. જીવનભરનું કર્યું કારવ્યુંપળમાં ધૂળમાં ભરે એવું કદીક ક્યાંક જોવા મળતુ નથી ? સ્વપ્નાના તરંગો, ભાવિ, સર્જન બધુ જ ક્ષણમાં રોળાઇ જાય અને શૂન્યતાને આરે આવીને ઉભા રહી જવાય એવી પરિસ્થિતિ ઘણી વાર આવતી હોય છે. આવા સંજોગોમાં હારીને હતાશ થયે કેમ ચાલે ?

પરિસ્થિતિ સાથે ગમે તેમ કરીનેય અનુકુળતા સાધવી પડે.

જાણીતો સંશોધક થોમસ આલ્વા એડીસન એક રાત્રે ઘસઘસાટ ઉંઘતો હતો ત્યાં દોડતા આવીને એના પુત્રે સમાચાર આપ્યા કે, એમની પ્રયોગશાળા અને કારખાનુ અકસ્માતથી સળગી ઉઠ્યા હતા. આ વખતે એડીસન વૃધ્ધ થઇ ચૂક્યો હતો. પોતાની જીવનભરની કમાણી રોકી એણે હમણા જ આ નવું લાકડાનું વિશાળ મકાન ઉભુ કર્યુ હતું. હજુ વીમો ય ઉતરાવ્યો ન હતો. આખા જીવનની પરસેવાની પાઇ પાઇ ઉપરાંત ઘણા મીત્રોના રૂપિયા પણ આમા નાખ્યા હતા. એની કમાણી નજર સામે સળગી હતી.

એડીસને એની પત્નીને

અનુસંધાન પાન (૨) પર

## ।। શ્રી ગણેશાય નમઃ ।।

## માસિક રાશી ભવિષ્ય

(તા.૧/૬/૧૦ થી ૩૦/૬/૧૦)

(૧) મેષ રાશિ : (અ.લ.ઇ.)

આ સમય ખર્ચ નાણાભીડ સુચવે છે. કૌટુંબીક ગૃહ સગવડ પાછળ ખર્ચ વધે. મકાન મિલ્કત અંગે સાનુકુળતા નોકરીયાતો માટે બોજો વધે, ધંધાના પ્રશ્નો ઉકેલી શકશો. ગૃહજીવનમાં વિસંવાદિતા સંતાનના આરોગ્યની કાળજી રાખવી.

(૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)

આ સમય દરમ્યાન આપની ઇચ્છાઓ સાકાર થતી જણાશે. આપના કાર્યમાં પ્રગતિ જણાય. મહત્વની મુલાકાત ફળદાયી નીવડે નાણાકીય પ્રશ્નોનો ઉકેલ મળે પ્રવાસ અંગે ધાર્યું થાય નહિ. મિત્રથી મદદ મળે.

(૩) મિથુન રાશિ : (ક.છ.ઘ.)

કેટલીક આનંદદાયક અને ઉલ્લાસભરી ઘટનાઓ કે તકો મળે સ્નેહ સબંધ અને નવા પરિબળો ઉપયોગી નીવડે. અંગત આરોગ્ય જળવાઇ રહેશે. પ્રવાસ પર્યટન થશે. આવકમાં વૃધ્ધિ કરવાની નવીન યોજનાઓ આકાર લેશે. દાંપત્ય જીવનમાં કેટલીક વિવાદાસ્પદ વાતોને કારણે અશાંતિ વધશે.

(૪) કર્ક રાશિ : (ડ.હ.)

આપની માનસિક સ્વસ્થતા જાળવવાની જરૂર છે. ખોટી ચિંતા છોડતા આર્થિક સમસ્યાનો ઉકેલ મળશે. આર્થિક બોજો હળવો થાય. મકાન વાહન અંગે પ્રતિકુળ સમય નોકરીયાતને એકંદરે સાનુકુળતા વધે મહત્વના પ્રશ્નો ઉકેલાય ધંધાકીય ક્ષેત્રે ધીમી પ્રગતિ સફળતાની તક વધે ગૃહજીવનમાં વૈચારિક ઘર્ષણના પ્રસંગ આવે.

(૫) સિંહ રાશિ : (મ.ટ.)

આપનું આરોગ્ય સાચવજો, ગૃહ જીવનમાં અશાંતિ સર્જાશે. માનસિક પરિસ્થિતિ અશાંત અને અસ્વસ્થ બને જોઇએ તેટલી સફળતા મળે નાણાભીડ ઓછી થાય. નોકરીમાં બદલી થાય. લાભ અટકશે કોર્ટના કાર્ય વિલંબમાં પડે.

(૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)

તમારા મનની મૂંઝવણ દૂર થાય. નવીન આશાના પ્રસંગો સર્જાશે ધીરજ ધરવી પડશે. આપના નોકરી વ્યવસાયના ક્ષેત્રે મુશ્કેલી અંતરાય પાર કરી શકશો. આર્થિક પરિસ્થિતિ સુધરતી જણાશે. તબીયત સારી રહે. ગૃહજીવનની બાબતો અંગે સંજોગો તમારી તરફેણમાં જણાશે.

(૭) તુલા રાશિ : (ર.ત.)

આ સમયમાં તમે મહત્વના કાર્યોને પાર પાડી શકશો. યાત્રા-પ્રવાસ સફળ થાય. સ્નેહી થી મિલન આ સમય પ્રતિકુળ નથી. મહેનત કરો પણ ફળની આશા બહુ લાંબે ગાળે પૂર્ણ થાય. તમારો પુરૂષાર્થ એળે જવાનો નથી.

(૮) વૃશ્ચિક રાશિ : (ન.ય.)

આ સમયમાં તમારે લાંબા સમયથી ચાલતો સંઘર્ષમાં કોઇ ખાસ સુધારો જોવા મળે નહિ. મુશ્કેલી ચાલુ રહેતી જણાય. નાણાકીય મુશ્કેલી દૂર કરી શકશો. આ સમયમાં સ્થાન ફેર કે પરિવર્તનની શક્યતા છે. અણગમતા સ્થળે જવું પડે.

(૯) ધન રાશિ : (ભ.ધ.ફ.ઢ.)

આપની મનોવ્યથા દૂર પ્રગતિકાર કાર્યરચના થાય. નાણાકીય પ્રતિકુળતામાંથી માર્ગ મળશે. વ્યવસાયિક તેમજ નોકરીના ક્ષેત્રે હજી પરિસ્થિતિ ધાર્યા પ્રમાણે સુધરશે નહી. અવરોધ વિલંબથી કામ થતા જોવા મળે. પ્રવાસ - પર્યટન ને મિલન - મુલાકાતો સફળ થાય. સંતાનથી શુભ સમાચાર મળે. સ્વજનની તબિયત સાચવજો.

(૧૦) મકર રાશિ : (જ.ખ.)

નવા પરિચયો મુલાકાતો સફળ બનશે. આ સમય ઉન્નતિકારક તેમજ લાભ દાયક સાબિત થશે. નોકરી ધંધા બાબત સમય સુચક છે. અણધાર્યા લાભ મળે. મકાન મિલ્કત અંગે ચિંતા રહે. પ્રયત્નથી વિવાદ સર્જાશે. મુસાફરીના પ્રસંગો વધે.

(૧૧) કુંભ રાશિ : (ગ.સ.શ.ષ.)

આ સમય દરમ્યાન આપની ચિંતાના કારણે અસ્વસ્થતા અનુભવાશે. આર્થિક કામકાજો અંગે ગ્રહો મદદરૂપ થાય. અને કોઇ મહત્વનો લાભ મેળવી શકશો. નોકરીયાતને મુશ્કેલીમાંથી માર્ગ મળે. વેપાર ધંધાના ક્ષેત્રે વિકાસથી તક મળે મકાન જમીન અંગેના કાર્યમાં અવરોધ જણાય. ગૃહજીવનમાં ટેન્સન સર્જાય આરોગ્યની કાળજી લેજો.

(૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)

આ સમય દરમ્યાન માનસિક અસ્વસ્થતા યા ઉદ્વેગનો અનુભવ થશે. નાણાકીય કામકાજમાં મંદ સુધારો થતો જણાશે. બચત મુશ્કેલ બને નોકરીયાતોને મહત્વની કામગીરીમાં સફળતા મળે મકાન મિલ્કતના કામમાં પ્રતિકુળતા રહે ગૃહજીવનની સમસ્યા વધે.

લેખક : ઠાકોરપ્રસાદ શરદકાંત મહેતા (ચાંગા)
વધુ માહિતી માટે સંપર્ક :– ૯૯૨૫૧ ૦૩૯૪૦

## ખબર હશે તો ખપ લાગશે.

### ફર્નિચર ની માવજત અને સફાઇ

✱ ફર્નિચર પરના ડાઘ દૂર કરવા પહેલા કથ્થઇ શુપોલીસ લગાવો. પછી ચાના ઠંડા પાણીમાં રૂ બોળીને મૂકો.

✱ ચાના ડૂચા સૂકવી મલમલના કપડામાં લઇ તેમાં સરસીયાના છ-સાત ટીપા નાંખી પોટલી બનાવી ફર્નિચર પર ઘસો.

✱ ફર્નિચર પરની ધૂળ સાફ કરી, ચાના પાણી વડે ફર્નિચર ને સાફ કરો. ક્યારેય સાબુ કે પાણીથી ધુવો નહિ.

✱ સનમાઇકા કેરોસીન થી સાફ કરવાથી સનમાઇકા ચમકશે અને જીવાત હશે તો નાશ પામશે.

✱ ભારે ફર્નિચર સરળતાથી ખસેડવા લાદી પર ભીનુ પોતુ કરી ખસેડવું કે પાયા નીચે કપડુ રાખી ખસેડવું.

✱ લાકડાના ફર્નિચર ને જીવજંતુના ઉપદ્રવથી બચાવવા સાફ કરતી વખતે પાણીમાં કોપરેલના બે ટીપા અને એન્ટીસેપ્ટીકના બે ટીપા નાખો.

✱ સાધારણ સાગ અને અખરોટના લાકડાને તેલથી પોલીસ કરી શકાય છે.

✱ જૂના એન્ટીક ફર્નિચર ને ધૂળ સાફ કરી પોલિશ કરવાથી ફર્નિચર મજબૂત બનશે.

✱ ફર્નિચરનું ફિનીશીંગ ઓઇલથી કરેલ હોય તો પોલિશ કરવા ઓઇલ યુક્ત પોલિશ કરવું.

✱ ફર્નિચર પર ફરીથી પોલિશ કરવાની હોય તો પહેલા કરેલ પોલિશ ના રંગને મેળ ખાતા રંગનું પોલિશ હોવું જરૂરી છે.

✱ ફર્નિચર પર પોલિશ લગાવતી વખતે પોલિશ એકસાર લગાડવું કોઇ જગ્યાએ વધુ કોઇ જગ્યાએ ઓછુ હોવું જોઇએ નહિ.

✱ એક કપડા પર તેલ અને ક્લિનર લગાડી ફર્નિચર સાફ કરવાથી ધૂળ તથા ડાઘ દૂર થશે.

✱ લાકડા પર ડાઘા ધબ્બા પડ્યા હોય તો હળવા ભીના કપડા પર એમોનીયા લાગડી લેકર પોલિશ પર રગડવું.

✱ લાકડાના ફર્નિચર પરના ડાઘા - ધાબા દૂર કરવા અળસીનું ગરમ તેલ અને ચુનાનો કરકરા ભૂક્કાની પાતળી પેસ્ટ બનાવીને ધાબા પર લગાવી તેને મુલાયમ કપડાથી લુછી પછી પોલિશ કરવું.

✱ ફર્નિચર પર ખાડા પડી ગયા હોય તો તેમાં ફર્નિચર જે કલરનું હોય તે કલરનું મીણ ભરી તેની ઉપર વાર્નિશ લગાવવાથી ફર્નિચર પરના ખાડા દૂર થશે.

– કનુભાઈ નાયબ મામલતદાર
રમેશભાઈ આહિર.

### તંત્રી લેખ અનુસંધાન પાન (૧) નું ચાલુ......

જગાડીને કહ્યું : અહી બાલ્કનીમાં આવીને ઉભી રહે, ને પેલી જ્વાળાઓ જો. આપણી પ્રયોગશાળા અને કારખાનુ સળગે છે. વૃધ્ધવયે જીવનભરની કમાણી સળગી જતી હોય એ જોવાનું સદ્ભાગ્ય સહુને નથી મળતુને સજોડે જોવાનું તો કોઇક નેજ મળે.

પત્નીએ જોયું કે વૃધ્ધ એડીસનના કરચલીઓ વાળા ચહેરા પર આગની જ્વાળાઓ ખેલ કરી રહી હતી. ને એ કોઇ વિચિત્ર પ્રકારના ભાવ સાથે આગનું તાંડવ જોઇ રહ્યો હતો.

ચાર દિવસે એ આગ ઠંડી પડી પણ જે વિચિત્ર પ્રકારની આગ એડીસનના અંતરમાં જાગી હતીએની ખબર તો છેક સત્તરમે દિવસે પડી. સત્તર દિવસે ઘરને ખૂણે નવી ઉભી કરેલ પ્રયોગશાળામાંથી એડીશન બહાર આવ્યો ત્યારે એના સાથીદારે દુનિયાને વધાઇ આપી કે, મહાન અને મૌલિક વૈજ્ઞાનિક એડીસને એક નવાજ પ્રકારના યંત્રની શોધ કરીને દુનિયાને વળી એક મૌલિક વસ્તુની ભેટ આપી હતી. એ ભેટ તે જગતનું સૌથી પહેલુ ફોનોગ્રાફ-થાળીવાજુ.

તોફાન આવે ત્યારે ટુંટીયુ વાળીને બેસી જવું. નમી પડવું. હાય હાય કરવી, રડવું, ભીખ માંગવી, પાગલ બની જવું એ સહેલું છે. પણ એડીસને આમાનું કંઇ જ ન કર્યું. પોતાની તમામ શક્તિઓને એણે સર્જનને રસ્તે વાળી. જે દુર્ભાગ્યે એનું સર્વ કંઇ ભસ્મીભૂત કરી નાખ્યુ હતુ એ દુર્ભાગ્યના ડરને સહેજ પણ ગણનામા લીધા વગર એણે સદ્ભાગ્યને જગાડવાનો પ્રયત્ન કર્યો. ફરીવાર એણે દુનિયાને બતાવી આપ્યું કે વિરોધી પરિસ્થિતિ તો સહુ ને આવે જ છે. કોઇ પણ ઝાડ શિયાળાની ઠંડી અને ઉનાળાની ગરમી સહ્યા વગર વર્ષાના સુખદ ઝાપટા પામી શકતુ નથી. વિરોધી પરિસ્થિતિ સાથે અનુકુલન સાધ્યા વગર માનવી પણ એની મનની માનેલી મંઝીલે ન જ પહોંચી શકે.

સંસારના રણમાં આપણી હાલત કંઇક આવી જ છે. આપણી અણસમજાયેલી શક્તિની પાંખો આપણે માટે પથ્થર રૂપ બની રહે છે. જ્યારે ખૂબ અકળામણ થાય ત્યારે બધી જ પ્રવૃત્તિઓ સ્થગિત કરીને આપણે માની લઇએ છીએ કે વિશ્વક્રમ પણ અટકી ગયો ! રે ભાઇ, મડદુ કિનારાની બખોલમાં અટવાઇ જાય એથી ગંગાના વહેણ થોડા અટકી જાય છે ! વિશ્વગંગા તો બહતી નદીયા છે.

વિશ્વગંગાના વિશાળ પટમાં આપણા જીવનબિંદુએ એકરૂપ બનીને વહેતા રહેવાનું છે. અનુકુળતા શોધવાની છે. એટલુ જ નહિ, અનુકુળ થતા પણ જવાનું છે. આવી આ દ્વિમાર્ગીય પ્રક્રિયા છે. એના ઉપર આખી જીવનકળાની માંડણી છે. અનુકુળતાની કળા જેને સિદ્ધ થાય એને જ આની ફાવટ આવે. એનું જ જીવનબિંદુ વહેતા વહેતા એક દિવસ પેલા પરમસાગરને પામી જાય ત્યાં સુધી આ કળા સિધ્ધ કરવા આપણે મથતા જવાનું છે.

એ વિના આરો નથી. આરા વિના બંદર નથી. બંદર વિના વિશ્રામ નથી. વિશ્રામ વિના શાંતિ નથી. ને ગીતામાં કહ્યું છે તેમ અશાંતિવાળાને વળી સુખ ક્યાંથી ? અનુકુલનની આરાધનાનું અંતિમ પરીણામ છે પરમ સુખની સિધ્ધિ.

તો આવો મિત્રો જીવનમાં અનુકુલનની આરાધના થકી જીવન નૈયાને સંસારના તોફાની મહાસાગરમાં સફળતા અને સિધ્ધિના સોપાનો તરફ હંકારી જઇએ.

– મનોજ જોષી
“ દક્ષ દ્રષ્ટી ”

## અવસાન નોંધ

સુરેલી નિવાસી લક્ષ્મીશંકર મોહનલાલ જોષી નું તા.૮/૪/૨૦૧૦ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

ગોધરા નિવાસી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ ત્રિવેદીનું તા.૨૩/૪/૨૦૧૦ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

ગં.સ્વ.વિમળાબેન શંકરલાલ પંડ્યાનું અડપોદરા ખાતે તા.૨૧/૫/૧૦ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને સદ્ગતના કુટુંબીજનોને અકાળ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી દક્ષ દ્રષ્ટિ પરીવાર તરફથી પ્રભુને પ્રાર્થના.

# મહામાનવોની અમુલ્ય મૂડી

વિશ્વમાં મહામાનવોની કાયમી કદર વર્તમાન નહિ પણ ભાવિ જ કરે છે. મૌલિક વિચાર કરનાર આર્ષદ્રષ્ટા છે. આદિકાળથી શોધો અને સંશોધનો વિવિધ ક્ષેત્રે થયા છે. અને થતા રહે છે. તે અનંતકાળ સુધી થવાના છે. કારણ માનવને પરિવર્તન અને પડકાર જોઈએ છે. જીજ્ઞાસા અને જરૂરીયાત જ સંશોધનોની જનની છે. માનવ સત્તા અધિકાર ઝંખે છે. તેને પ્રાપ્ત કરવા જ્ઞાન, કર્મ અને વિવિધ પ્રવૃત્તિઓ સમયે સમયે કરતો રહે છે. સફળતા પામે છે. નિષ્ફળતા પામે છે. સુખ, દુઃખ અનુભવે છે. દિર્ઘકાલીન સંતોષ કે સાચો આનંદ પામતો નથી. માણસ પાસે ડહાપણ, ભલાઈ છે. તેના સહારે જ તે એકને ઉંચે ચડાવે છે. તો બીજાને પછાડે પણ છે. અસ્થિર જગતમાં સ્થાયિ કે શાશ્વત આનંદ મેળવવા ધ્યાન, ધ્યેય અને ધારણા કદાચ સહાયક બને તે પણ દેહ ટકે ત્યાં સુધી જ. યોગીઓ, કર્મીઓ કે સંસારીઓ સદા સુખ મેળવે છે. તેઓ બીજાને સુખ આપવા સદા પ્રયત્નશીલ રહે છે તો પણ સર્વને સરખુ સુખ આપી શકતા નથી. તેનું કારણ માનવની ગતિની વિભિન્નતા છે. માનવીની અપેક્ષા અને ઉપેક્ષામાં સમાનતાનો અભાવ છે. કાર્ય કારણથી પરિણામ સારૂ કે ખરાબ આવે છે. તેમાં અપેક્ષીત પરિણામ સુખ કે આનંદ આપે છે. ઉપેક્ષીત પરીણામ દુખ અને અસંતોષ ઉપજાવે છે. તેનું મૂળ મનમાં ઉદભવતા વિચારોમાં છે. વિચારનો આધાર તન,મન,ની સ્થિરતા શાંતિ અને તંદુરસ્તી પર છે. માનવ મનની ગતિ પામી શકતો નથી. મતિનું માપ અને મર્યાદા કુદરતી છે. જેમકે માનવ દ્રષ્ટિ અને શ્રવણની મર્યાદા છે. તો પણ તે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અસમાન છે. તેનું કારણ અભ્યાસ અને કાળજીનો અભાવ, જરૂરી પોષણ અને પુષ્ટિકારક તત્વોની ઉણપ. તેને માટે જવાબદાર છે. માનવ મનનો વિકાસ એટલે સર્વનો અને સર્વક્ષેત્રનો વિકાસની વધુ સારી ક્ષમતા

આપણે સૌ જાણીએ છીએ કે યુગે યુગે પરીવર્તન થાય છે. તેના મૂળમાં વિચારોની ક્રાંતિ અને વૃત્તિઓના વલણ છે. જેવા વિચાર તેવું વર્તન અને જેવું વર્તન તેવું જ ક્રિયાત્મક સર્જન સંભવે છે. માનવ દેવ પણ બની શકે અને દાનવ પણ બની શકે. બધા માનવોમાં એ ક્ષમતા નથી. એમ નહિ પણ તેનામાં રહેલ ક્ષમતા સમજવા વિકસાવવાની પુરી તક તેને સાંપડી નથી. અથવા તે માટે નો તેનો પ્રયત્ન અપૂરતો છે એમ જરૂર કહી શકાય. તે અંગેનું તેની આસપાસનું વાતાવરણ, સબંધો, સંપર્કો અને વિચાર પ્રેરક સાહિત્યનું સમતુલન હોવું જરૂરી છે. જેમ સમતોલ આહારથી તન, મન તંદુરસ્તી સ્વાસ્થ્ય અને સ્કુર્તિ આપે છે. વાતાવરણના વાઈબ્રેશન માનવ મનના વિચારો ને અસર કરે છે. વાતાવરણના આંદોલનો જ માનવ મનના સંકલ્પ, વિકલ્પ નિર્ણય કરી વિચારોના પૃથ્થકરણ વડે જ નૂતન વાતાવરણ સર્જન પામે છે. પૂનઃજન્મનો સિધ્ધાંન્ત પણ વારસાગત વાતાવરણીય આંદોલન આધારીત છે. વંશીય આનુવંશિક ગુણો પણ વાતાવરણ આધારીત રચાતા હોય છે. અલબત્ત કેટલાક અપવાદોને બાદ કરતા પરસ્પરના વિચારો, ગુણો, અવગુણો, ભૌતિક, આધ્યાત્મિક વિગેરે પ્રકારના વિચારો સત્ય, અસત્યનો વિવેક મહદ અંશે સામાન્ય લોકો કરતા હોતા નથી. તેથી જ વિવેકશીલ રહસ્ય શોધનારા અને સાચવનારા ખૂબજ ઓછા માનવીઓ વિશ્વમાં વિચરણ કરે છે.તેમને જાણવા, માણવા, સમજવા વર્તમાન પેઢી વધુ સારો લાભ લઈ શકતી નથી. કારણ આવા વિચક્ષણ વ્યક્તિઓ પોતાના માંજ સતત વ્યસ્ત રહે છે. પ્રદર્શન નિદર્શન થી દૂર રહેવામાં માને છે. વિરલ વ્યક્તિઓ જ સત્તા અધિકારને નિઃસ્વાર્થ સેવા, સાદગી છતા મક્કમ મનોબળથી આત્માના અવાજને અનુસરી જનહિતાર્થે પોતાની પ્રેરણાદાયિ પ્રવૃત્તિઓની સુવાસ મહેકાવે છે. દેહ છોડ્યા પછી તેની કદર અને મૌલિકતાની નોંધ દીર્ઘકાળ સુધી રહે છે. તેનું કારણ તેના વારસદારો કે અનુગામીઓ મહાપુરૂષોની કૃતિઓ, રચનાઓ, વિચારો અને જીવન સંદેશના આધારે જ પ્રગતિ કે વિકાસની પ્રક્રિયા કરતા રહે છે. તેના વડે જ નામ, કામ અને દામ સંપાદન કરતા રહે છે. આ બધુ યુગ પરીવર્તન અને પડકારનું જ પુનઃ પ્રતિબિંબ પરાવર્તિત થતુ જ રહે છે. તે ક્યારેક ચમકે છે, ક્યારેક ઝબકે છે. તો ક્યારેક બુઝાઈ જાય છે. ક્યારેક મુરઝાઈ પણ જાય છે. તેમ છતા અનિશ્ચત કાળ સુધી અવિરત ઘટના બની રહે છે તે જ મહાપુરૂષોની મહામુલી અમુલ્ય મૂડીનું વ્યાજ જ નવી પેઢી ભોગવે છે. તેમાં શંકાને સ્થાન નથી જ તે છે તેમના વિચારો અને તેમના કાર્યો તેમાં શોધશો તો જ નવું કંઈક જરૂર મળશે.

**–પ્રવિણભાઈ પંડ્યા**

# વિશિષ્ટિ પ્રતિભા

કેટલીક વ્યક્તિઓ જન્મથી જ , તો કેટલીક અન્ય કારણોસર અપંગ - વિકલાંગ હોય છે. કેટલાક શારીરીક ખોડખાંપણવાળા, કેટલાક મંદ બુધ્ધિના તો કેટલાક મૂક-બધિર હોય છે. આવા માણસોને જો સામાન્ય તક તેમના વિકાસ માટે પ્રોત્સાહન અને જરૂરી વાતાવરણ, સમાજ તરફથી હૂંફ અને પ્રેમ મળે તો તેઓ જીવનમાં આગળ વધી સ્વમાનભેર જીવી શકે છે. અને તેમાંય જો આવી વ્યક્તિનો જીવનમાં કંઈ કરી બતાવવાનો પુરૂષાર્થ ભળે તો તે જરૂર સફળતા ને વરે છે. આવી જ વાત છે. નડીઆદના વતની શ્રીમતી શિલ્પાબેન નિશિતભાઈ ભટ્ટની.

શિલ્પાબેન નો જન્મ તા.૨૪ ફેબ્રુઆરી ૧૯૬૩ના રોજ ભાવનગર જીલ્લાના ત્રાપજ ગામમાં પરમાનંદભાઈ મણીશંકર ભટ્ટના ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન ભટ્ટની કુખે (સ્વ.કવિરાજ ત્રાપજકરજીના પરિવારમાં) થયો હતો. આ પરિવાર સંસ્કારી હોવા ઉપરાંત બ્રાહ્મણ પરીવારોમાં મોખરાનું સ્થાન ધરાવતુ હતું. આવા સાક્ષર અને સંસ્કારી પરીવારમાં વાત્સલ્યભર માતા-પિતાની છત્રછાયામાં ઉછરી રહેલ અને ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી હસતી-કૂદતી નિર્દોષ શિલ્પાને ૯ વર્ષની ઉંમરે મેનેન્જાઈટીસનો તાવ આવ્યો. તે વખતે તેમના પિતા કલકત્તા ગયા હતા. નાનકડા એવા ત્રાપજ ગામમાં ડોક્ટરની અપૂરતી સગવડ હોઈ તેમને યોગ્ય સારવાર મળી શકી નહી. પિતા પાછા આવ્યા બાદ તેમના પ્રયત્નો છતા આઠ-આઠ દિવસો સુધી બેભાન અવસ્થામાં રહી. ત્યાર બાદ આ તેણીને સઘન સારવાર અર્થે ભાવનગરની હોસ્પીટલમાં લઈ જવામાં આવી. જ્યાં ર્ડાક્ટરોની ભૂલના કારણે યોગ્ય સારવાર મળી નહી અને ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે ની ઉક્તિ તેના માટે સાચી ઠરી. તેણીએ વાચા અને શ્રવણશક્તિ ગુમાવી.

છ મહિનાની સતત સારવાર લેવા છતા પરિસ્થિતિમાં સુધારો ન થયો. આમ છતા હિંમત ન હારતા શારીરીક અશક્તિ હોવા છતા તેણીએ પોતાનો અભ્યાસક્રમ પુનઃશરૂ કર્યો. પણ હવે જાણે કે તેની દશા બેઠી હોય તેમ શાળાએ જતા આવતા લોકો તેને બહેરી-મૂંગી કહી ચીઢવતા અને હેરાન કરતા. કોઈ તેની ભાષા સમજી શકતુ નહી. લોકો તેની પરિસ્થિતિને સમજીતેને મદદરૂપ થવાને બદલે તેને હેરાન કરવામાં અને તેની મશ્કરી કરવામાં આનંદ અનુભવતા અને તેનાથી દૂર રહેતા. પરંતુ વાત્સલ્યભર માતા-પિતા તેને યોગ્ય માર્ગદર્શન ઉપરાંત ધીરજ અને ખંતથી આગળ વધવાની પ્રેરણા આપતા.

તેમના સંસ્કાર હુંફ અને પ્રેરણાથી શિલ્પાએ જીવન જીવવાની પધ્ધતિમાં ઘણો ફેરફાર કર્યો. અને અભ્યાસથી સાથે સાથે ભરતગુંથણ અને કલા ક્ષેત્રમાં મન પરોવી દરેક કાર્યને શ્રેષ્ઠ બનાવવાનો ભવ્ય પુરૂષાર્થ આરંભ્યો. અને વિવિધ ક્ષેત્રે પોતાનું કૌશલ્ય પ્રગટાવવા લાગી.

તેણે એસ.એસ.સી સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ નડીઆદ ની મુખ્ય પોસ્ટ ઓફીસમાં સહાયક કર્મચારી તરીકે પદભાર સંભાળ્યો. પોતાના સ્વમાન, કાર્યપધ્ધતિ તથા નિષ્ઠાથી તેણે પોતે વિકલાંગ છે તેવો કોઈને અહેસાસ પણ થવા ન દીધો. તે કચેરીના કામમાં પણ પૂરી નિષ્ઠાથી કામગીરી બજાવે છે.

પોસ્ટના કર્મચારી તેમજ મહિલા એમ બંન્ને રૂપોને નિખારતા શિલ્પાબેનને પોસ્ટ વિભાગ તરફથી સર્વોત્તમ ગુણની માન્યતા આપતા ૧૯૮૯ માં મેઘદૂત પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ત્યારે તેમણે તેને પોતાના જીવનનો એક યાદગાર પ્રસંગ તરીકે વર્ણવતા જણાવ્યું કે, વિભાગીય કર્મચારીઓ અધિકારીઓ સગા-સ્નેહીઓ તેમજ સમાચારપત્રો દ્વારા તેમનું જે સન્માન કરવામાં આવ્યું છે તેમાં તેના માતા-પિતાનો ફાળો રહેલ છે. તેઓ માને છે કે જીવનમાં આવી અનેક ઉપાધીઓ આવે તો પણ જો આપણામાં સંઘર્ષ કરવાની અને મુશ્કેલીઓને તાબે નહિ થવાની પ્રબળ ઈચ્છાશક્તિ અને પોતાનામાં રહેલી શક્તિનો સદ્ઉપયોગ કરવાની તમન્ના હશે તો કોઈપણ તાકાત તમને જીવનમાં આગળ વધતા રોકી નહિ શકે.

આવા શિલ્પાબેન ભટ્ટના લગ્ન તેમના માતા-પિતાના આશિર્વાદથી નડીઆદમાં રહેના નિશિતભાઈ કનુભાઈ ભટ્ટ સાથે ૧૯૯૨માં કરવામાં આવ્યા હતા. તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તેમના પતિ આંતરરાષ્ટ્રીય કર્મકાંડ કેન્દ્રનું સંચાલન કરે છે. જેમનો સ્વભાવ આનંદીત અને મળતાવડો હોવાથી જીવનના દરેક પ્રસંગો આનંદમય રીતે પસાર થાય છે. એટલુ જ નહિ પણ તેમના દરેક કાર્યમાં પતિનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે.

લગ્ન જીવનના સંભારણા રૂપે તેણીને એક પુત્રી છે. તેમણે જણાવ્યું હતું કે તેમને અને તેમની પુત્રી ને પતિ નિશિતભાઈ તરફથી ઘણુંજ પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતા રહે છે.

શ્રીમતી ભટ્ટની શ્રેષ્ઠ વિકલાંગ કર્મચારી તરીકેની કામગીરી ને ધ્યાનમાં લઈ રોજગાર અને તાલીમ નિયામકની કચેરી ગાંધીનગર દ્વારા તા.૩/૧૨/૨૦૦૦ના રોજ રાજ્યપાલ સુંદરસિંહ ભંડારીના હસ્તે તેમને વર્ષ ૨૦૦૦ના શ્રેષ્ઠ વિકલાંક કર્મચારી તરીકે પારિતોષિક અર્પણ કરાયુ હતું. આ પારિતોષિક મેળવ્યા બાદ શ્રીમતી શિલ્પાબેન ભટ્ટે જણાવ્યું હતું કે, તે પોતાના દેશ માટે તેમજ સમાજને માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવે છે. અને તેમને પ્રાપ્ત થયેલ પારિતોષિક તેમના સહકર્મચારીઓના તેમજ તેમના પતિના પ્રેરણાદાયી માર્ગદર્શનને આભારી છે તેમ તેમનું માનવું છે.

શ્રેષ્ઠ વિકલાંક કર્મચારી તરીકેનું પારિતોષિક પ્રાપ્ત કરીને શ્રીમતિ ભટ્ટે માત્ર નડિયાદ શહેરનું જ નહિ પણ સમગ્ર ખેડા જીલ્લાનું ગૌરવ વધારીને વિકલાંગ વ્યક્તિઓને પ્રેરણાદાયી દ્રષ્ટાંત પુરૂ પાડ્યું છે.

**– " દક્ષ દ્રષ્ટી "**

# હાર્દિક અભિનંદન

ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ સમાજના અગ્રણી અને બેંગ્લોર સ્થિત **શ્રી અશોકભાઈ દાણી ની** બેંગ્લોર વૈષ્ણવ સમાજના ટ્રસ્ટી તરીકે નિયુક્તિ કરવામાં આવી

શ્રી અશોકભાઈ દાણી બેંગ્લોર સ્થિત ગુજરાતી સમાજ તેમજ સામાજીક સંસ્થાઓમાં અવિરતપણે સેવાઓ આપતા રહ્યા છે. તેમજ રાજકિય ક્ષેત્રે પણ તેઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. અને તેઓશ્રી બેંગ્લોર વૈષ્ણવ સમાજના ઉત્કર્ષ માટે સદૈવ સેવા કાર્યો કરતા રહેશે અને સમાજને તેમની નિસ્વાર્થ સેવાઓનો લાભ અવિરતપણે મળતો રહેશે તેવી આશા સાથે ખૂબ ખૂબ અભિનંદન અને હૃદય પૂર્વકની શુભેચ્છાઓ.

**ઓદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રહ્મ સમાજ**
**શ્રી ચંદ્રકાંન્તભાઈ કે. જોષી (બેંગ્લોર)**
**– "દક્ષ દ્રષ્ટિ" પરિવાર**

# પુસ્તક વિમોચન પ્રસંગે હાર્દિક અભિનંદન

ગુજરાતના ખ્યાતનામ સુવર્ણ ચંદ્રક વિજેતા, ભાગવત્ ભૂષણ, ટી.વી કથાકાર વડીલ શ્રી લાભશંકર શાસ્ત્રી લિખીત **શ્રી મોઢ પુરાણ રહસ્ય અને શ્રી માતંગી મોઢેશ્વરી વ્રતકથા** પુસ્તકનું હાલમાંજ વિમોચન કરવામાં આવ્યું

પુસ્તકના લેખક પ.પૂ.શ્રી લાભશંકર શાસ્ત્રી જાણીતા શ્રીમદ્ ભાગવત ના કથાકાર તેમજ શ્રી દેવી ભાગવત, વિશ્વકર્મા પુરાણ, ગણેશ પુરાણ અને મોઢ પુરાણના પ્રખર વક્તા છે અને ગુજરાત ભરમાં અનેક સ્થળોએ વ્યાસપીઠે બિરાજી શ્રોતાઓને પોતાના ભગવત્ જ્ઞાન અને વાણીનો લાભ આપી ચુક્યા છે. કથાઓ દરમ્યાન બંન્ને હાથે આરતી લઈ પગથી આકર્ષક રંગીન ચીત્રો દોરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરનાર જે તેમની વિશિષ્ટતા છે.

જેઓ વાસ્તુશાસ્ત્રમાં પણ નિપુર્ણ છે. તેમનો વાસ્તવેધ, ફેંગશુઈ ગ્રંથ પણ પ્રકાશિત છે. કર્મકાંડ અને જયોતિષમાં પણ નિપુર્ણતા ધરાવે છે.

પ.પૂ. શ્રી લાભશંકર શાસ્ત્રી દ્વારા લેખીત અને પ્રકાશિત ઉપરોક્ત પુસ્તક સમસ્ત મોઢ સમાજ માટે પ્રેરણારૂપ તેમજ મોઢ સમાજ ની અતિ પ્રાચીન માહિતી પ્રદાન કરનાર રહેશે તેમજ અગાઉના પુસ્તકો જેવોજ આવકાર પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન. **– "દક્ષ દ્રષ્ટિ" પરિવાર**



સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત જેસીઆઈ પ્રાઈમ આયોજીત મહાગુજરાત ચળવળના સેનાની નડીઆદના સીનીયર પ્રેસફોટોગ્રાફર શ્રી મનહર ચોકસીને સન્માનપત્ર અર્પણ કરતા સંતરામ મંદિર નડીઆદના સંત શ્રી નામદાસજી મહારાજ, ચિત્રમાં સંસ્થાના મંત્રી જેસી બિંદેશ ગાંધી ભૂ.પૂ.શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતીનભાઈ શાહ (એડવોકેટ) તથા પ્રમુખ જેસી હસમુખ વાઘેલા નજરે પડે છે.

**– તસવીર – આશિષ સ્ટુડીયો**

# માતૃત્વનું સન્માન

મા તે મા બાકી બધા વગડાના વા. કુદરતે કરેલ જીવ સૃષ્ટિની રચનામાં માનો ફાળો અમુલ્ય છે. પશુ,પક્ષી, પ્રાણી કે માનવ યોનિમાં માદા બાળકને જન્મ આપે ત્યારે માતાનું પદ પામે છે. તે સાથે તેની જવાબદારીમાં બાળક પ્રતિ વાત્સલ્ય પ્રેમ હુંફ અને સંસ્કાર સિંચન કરવાની ફરજ આવે છે. આજના જમાનામાં એવો પૂર્વગ્રહ છે કે આધુનિક નારીનું માતૃત્વ કાચુ અને જુની પેઢીનું માતૃત્વ સાચુ એ બરાબર નથી. વિશ્વમાં બદલાતા પ્રવાહો, વિજ્ઞાન કળા અને સાહિત્યના યુગ પરિવર્તક વિચારો સાથે આજની માતાઓની જીવનશૈલી, વિચારો અને રીતભાત વિગેરે બદલાયા હોવા છતા માતૃત્વનો એકાધિકાર નારી પાસે અખંડ રહેલ છે. સ્ત્રી ભણેલી કે અભણ, ગરીબ કે અમીર, ગામડાની કે શહેરની માતા બને ત્યારે તેની છાતીમાં ધાવણ છુટ્ટુ જ હોય છે. તે ધાવણ સાથે જ બાળકનું પોષણ, ઉછેર, હુંફ, પ્રેમ, વાત્સલ્યનું ઝરણું સદા વહે છે. અલબત્ત દરેક માતાને સરખુ વાતાવરણ કે સરખી સમજણ હસ્તગત નથી હોતી તો પણ ગર્ભધાન થી માંડી બાળકના ઉછેર માટે પોતાની મર્યાદામાં રહી ઘણો બધો સંઘર્ષ કરી સતત કાળજી રાખે છે. માતા અને બાળકનો સબંધ એટલો ઓતપ્રોત છે કે માતા બાળક માટે રડે છે, લડે છે, લાડ કરે છે, ખીજાય છે, ક્યારેક ધમકી આપી ડરાવે પણ છે. તેનું મુખ્ય કારણ બાળકને વિશ્વનું પ્યારૂ બનાવવાની તમન્ના છે. મહાન વ્યક્તિઓની જગતને ભેટ આપનાર માતાથી કોઇ મોટુ નથી. ભારતીય સંસ્કૃતિ એ માત્ર જનની ને જ નહિ પણ ભારતને પૃથ્વીને, ગાયને, નદીને, ગાયત્રીને, ગીતાને પણ માતા તરીકે સ્વીકારી તેનું સન્માન પૂર્વક જતન કરવા પ્રયત્નશીલ રહે છે. કારણ આ બધી માતાઓ વડે બાળકનું પોષણ અને ઘડતર થાય છે. જે જીવન વિકાસના પાયામાં છે.

## નારી દ્રષ્ટી

માતા વિશેની પરિપકવતા, સમજણ અને ખ્યાલનો વિસ્તૃત પરિચય ત્યારે જ થાય જ્યારે માતાની ગોદમાં હસ્તુ રમતુ બાળક સહજ શિક્ષણ સંસ્કાર અને વિકાસ કરતુ જોવામાં આવે. બાળકને માતાની ગોદમાં નિર્ભયતા, નિડરતા, વિશ્વાસ, સભાન કે અભાન રીતે મળતા જ રહે છે. તે તેને જીંદગીભર ઉપયોગી થાય છે. બાળપણમાં માતાઓ બાળકને જગતના સબંધો, વ્યવહારો અને પડકારો સામે સક્ષમ બનાવવા જે સુચનાઓ આપે છે તે તે જીવનભર યાદ રહે છે. અન્યના આદેશ, ઉપદેશ કે સુચન બાળક કદાચ ભૂલી શકે પણ માતાને કદી ભૂલી શકે નહિ. માતા બાળક માટે બધુ છોડી શકે પણ અંતઃકરણનો આર્તનાદ કે આશીર્વાદ બાળકના જીવનને આગળ ધપાવવામાં ઉત્સાહ અને ઉમંગ અચુક આપે છે.

માતાના પેટે મહાન માણસો જન્મે છે અને અધમ માણસો પણ જન્મે છે. તેનો આધાર વાતાવરણ અને માતાના સંસ્કાર ઉપર રહેલ છે. જો કે કેટલીક સ્ત્રીઓ ખરાબ માતા સંજોગોને આધિન બને છે. મોટાભાગની માતાઓ સ્વાભાવિક રીતે જ સારી હોય છે. તેથી જ માતૃત્વના સ્પંદનનો, ભાવનાઓ લાગણીઓ કે તેમના ચૈતન્યમાં કોઇ ભેદભાવ હોતા નથી. અને હોઇ શકે નહિ.માતૃત્વને સરહદો, ભાષા, પહેરવેશ કે રીતભાત વિગેરેથી ઉંચનીચ કે સારી ખરાબના ત્રાજવે તોળી શકાય જ નહિ. કારણ માતા પોતાના માટે વિચારે કે તરત સંતાન માટે પણ વિચારતી જ હોય છે. આધુનિક માતાઓને પણ પોતાના સંતાનોને ગળથુથીમાં ભાવ આપવો ગમે છે. ભેદ નહિ. તેમને ભજન કરતા વિજ્ઞાન અને કળા કે સાહિત્યમાં વધુ રસ હોય છે. તે પોતાના કે બીજાના સંતાનોમાં ઉતારવા અને જોવા ઉત્સુક હોય છે. આમ માતા બાળક - સંતાનનું ઘડતર, ચણતર કરવા બધુ જ કરવા કરવા તત્પર હોય છે. તેથી જ માતૃત્વનું સન્માન, સંરક્ષણ અને સંવર્ધન કરતુ સંવનનીય વાતાવરણ સર્જવાનું કામ સૌ કોઇનું છે. અંતમાં એટલુ જ કહેવાનું કે માતાનું સન્માન એટલે વિશ્વની સમગ્ર રચનાઓનું સન્માન થઇ જ જાય. સદ્‌નસીબ માતાઓ કમનસીબ બાળક અને કમનસીબ માતાઓ સદ્‌નસીબ માતાઓ કમનસીબ બાળક અને કમનસીબ બાળક અને કમનસીબ માતાઓ સદનસીબ બાળકોનો જન્મ આ પૃથ્વી ઉપર આપે છે. તેવા અનેક દાખલાઓ મળે છે. તેમાં માતૃત્વના સંસ્કાર અને પ્રજનન ક્ષમતાનું પ્રતિબિંબ પડે છે.

– દિપા જોષી



## બાળ દ્રષ્ટી
# વિત્તથી વિકાસ અને વિનાશ

મીત્રો,

જેમ વહેતુ પાણી નિર્મળ રહે અને બંધારણીય પાણી સ્વચ્છતા ગુમાવી બેસે છે. તેમ વહેતુ વિત્ત વિકાસ વધારે, સ્થિર વિત્ત સંગ્રહીત થતા તેના માલિકને અહંકારી સ્વેચ્છાચારી, દુરાચારી, બનાવી પતન કરાવે છે. વિત્ત હોવું ખરાબ નથી. તેનો અતિલોભ જ અનેક અનિષ્ટો જન્માવે છે. માનવે પોતાના કર્તવ્ય કરવા, માનવતા અને પવિત્રતા રાખવી, ધર્મને ધ્યાનમાં રાખી ધન કમાવવું જોઇએ. મનુષ્યે ધનના મુળ સાધનનો નાશ કર્યા વિના થોડુ થોડુ નિયમીત ધન મેળવવું. જે લાંબો સમય ટકી રહે તેટલુજ નહિ પણ અન્યને હાનિ પહોંચાડ્યા વિના મહેનતુ માણસ પાસે સતત શુધ્ધ આવકનું ઝરણું વહેતુ રહે છે.

વિત્ત ધન રૂપિયો કે પૈસો રહેઠાણ આપી શકે, ઘર નિહ, ખોરાક આપી શકે, પણ ભૂખ નહિ, સૂવા માટે શૈયા આપી શકે પણ નિંદ્ર નહિ. વસ્ત્રો આપી શકે પણ સૌંદર્ય નહિ, દવાઓ આપી શકે પણ આરોગ્ય નહિ, પુસ્તકો આપી શકે પણ વિચાર શક્તિ નહિ, વૈભવ વિલાસ આપી શકે પણ ખુશી પ્રસન્નતા કે આનંદ નહિ. અને ન હોવા છતા ઘણું બધુ અમુલ્ય જરૂર આપે છે. તેથી જ કહેવાય છે કે કમાઓ નિતિથી અને વાપરો રીતિથી, રહેજો પ્રિતીથી તો તમે કલદાર અને કિર્તિ સાથે પામશો. નાણું એ સારો સેવક બની શકે છે. તેને કદી માલીક ના બનાવશો. આવેલ વિત્ત નાણાનો સદ્‌કાર્યોમાં સદવ્યય કરતા રહેવું તેથી સંત કબીરે કહ્યું છે નાવમાં પાણી વધે અને ઘરમાં ધન એકઠુ થાય તો તેને સતત ઉલેચતા રહેવું, ખાલી કરતા રહેવું એમાંજ બંન્નેની સલામતી છે. નાવમાં પાણી વધુ ભરાઇ જાય અને ઉલેચાય નહિ ખાલી ના કરાય તો નાવ ડુબી જાય. તેમ ઘરમાં ધન જરૂર કરતા અધિક થાય ત્યારે સત્કાર્ય માટે વાપરતા રહેવું. અર્થશાસ્ત્રમાં પણ કહેલ છે ફરતો રૂપિયો વિકાસે વેગ આપે છે. જો તે સ્થિર થાય તો વિકાસ અટકે અને અનિષ્ટો વધે છે. તેથી નીતિ શાસ્ત્ર કહે છે કે દરેક માનવે પોતાની ઓછામાં ઓછી જરૂરીયાતો અને જવાબદારીઓ ને પૂરો ન્યાય આપી શકે એટલુ ધન અવશ્ય કમાવવું જોઇએ. તે માટે પરસેવો પાડવો જોઇએ. શારીરીક કે માનસિક મહેનત પણ કરવી જ જોઇએ. તેમ કરવાથી શાંતિનો ઓટલો અને રોટલો બંન્ને મળી જ રહેશે તે નિશ્ચિત છે.

– દક્ષ જોષી

# વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ભવન નિર્માણના ફળ અને પ્રમાણ

ભવન નિર્માણ કરતા પહેલા વાસ્તુ સિધ્ધાંતો અનુસાર ભૂમીની પસંદગી કરી શલ્ય શોધન કરી પોતાના પરીવારની આવાસીય આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને ભવન નિર્માણનું સ્વરૂપ બનાવવું જોઇએ. ભવનનો નકશો બનાવીને વિદ્વાન જ્યોતિષ દ્વારા પંચાંગ શોધન કરી, વાસ્તુશક્તિ તથા શિલાન્યાસની શાસ્ત્રીય રીતથી પૂજા વગેરે કરવું જોઇએ. શિલાન્યાસ માટે પણ ગોચરના સૂર્ય અનુસાર ભૂખંડના કોણ વિશેષ પર વાસ્તુ પુજા કરી શિલાન્યાસની સંપૂર્ણ પ્રક્રિયા પુરી કરવી. જો સૂર્ય સિંહ કન્યા કે તુલામાં હોય તો નૈઋત્ય કોણમાં વૃશ્ચિક, ધન કે મકરરાશિનો સૂર્ય હોય તો વાયવ્ય કોણમાં કુંભ, મીન,મેષ અગ્નિકોણમાં વાસ્તુપૂજન કરવાથી કલ્યાણ થાય છે.




શુભ ફળ : પાયો ખોદતી વખતે જો ભૂસ્વામીને પથ્થર વગેરે પ્રાપ્ત થાય તો સોના-ચાંદીનો લાભ થાય છે. ઇંટો વગેરે નીકળે તો ધન-ધાન્યનો ફાયદો થાય છે. સુવર્ણમુદ્રા કે ચાંદીના સિક્કા વગેરે મળે તો ભવન નિર્માણ પછી શુભ ફળ પ્રાપ્ત થાય છે. તાંબુ લોખંડ વગેરે મળે તો પરિવારમાં વૃધ્ધિ થાય છે. આ બધાનું પયો ખોદતી વખતે નીકળવું અતિ શુભફલદાયક ગણાય છે.

અશુભ ફળ : જો ખોદકામમાં કીડી, ઉધઇ, અજગર, ભૂંસુ તથા ભસ્મ, ઇંડા, સર્પ, કોડી, બળેલુ લાકડુ, ઇાખંડ, ખંડીત મુર્તિ જેવું કંઇક નીકળે તો તે અશુભ ફળ આપે છે. એવા ઘરમાં રહેવા જવાથી માણસ ક્યારેય સુખી થતો નથી.

પાયો ગાળવા માટે પંચશિલા પ્રમાણ :

ઇંટો અને પથ્થર થી બનેલા મકાન અનંતગણું ફળ આપવાવાળા હોય છે. જેમાં વિશેષરૂપમાં પાયાનું વિધાન છે. ઋષિઓએ દરેક વર્ણ અનુસાર પંચશિલાઓના વ્યાસનું પમાણ આપ્યું છે.

અર્થાત ચાર વર્ણોમાંથી જો કોઇ પણ ઇંટ કે પથ્થરનું પાકુ મકાન બનાવે તો એણે નીચે પ્રમાણે ઓછામાં ઓછુ પાયામાં પંચશિલાઓનો ન્યાસ કરવો જોઇએ. અભિપ્રાય એ છે કે ઓછામાં ઓછા પાયાના પાંચ પથ્થરો નીચે લખેલ નામ અનુસાર હોવા જોઇએ.

(૧) બ્રાહ્મણો માટે - ૫ શિલાઓ - ૧૬ ઇંચ લાંબી - ૮ ઇંચ પહોળી - ૪ ઇંચ મોટી

(૨) ક્ષત્રિયો માટે - ૫ શિલાઓ - ૧૩ ઇંચ લાંબી - ૬.૫ ઇંચ પહોળી - ૩.૨૫ ઇંચ મોટી

(૩) વૈશ્યો માટે - ૫ શિલાઓ - ૧૦ ઇંચ લાંબી - ૫ ઇંચ પહોળી - ૨.૫ ઇંચ મોટી

(૪) શુદ્રો માટે - ૫ શિલાઓ - ૭ ઇંચ લાંબી - ૩.૫ ઇંચ પહોળી - ૧.૭૫ ઇંચ મોટી

–રાજેશભાઇ યાદવ

# આણંદ જીલ્લા તપોધન બ્રહ્મ સમાજ દ્વારા સ્નેહ મિલન સમારોહ સંપન્ન



ઉપરોક્ત તસવીરમાં શ્રી રમેશભાઈ ઠાકર, મુખ્ય મહેમાન શ્રી દિલીપભાઈ રાવલ, અતિથી વિશેષ તરીકે શ્રી સુભદ્રાબેન ભટ્ટ સાથે શ્રી શૈલેષભાઈ રાવલ, શ્રી અલ્પાબેન પંડ્યા, શ્રી નરેન્દ્રભાઈ રાવલ, શ્રી હિતેન્દ્રભાઈ ભટ્ટ, અને શ્રી પરેશાબેન દ્રષ્ટિગોચર થાય છે.

આણંદ જીલ્લા તપોધન બ્રહ્મ સમાજ આણંદ દ્વારા તપોધન બ્રહ્મ સમાજનો સ્નેહ મિલન સમારોહ તા.૯/૫/૨૦૧૦ને રવિવારના રોજ રણછોડજી મંદિર ખાતે સાંજે ૪ કલાકે સંપન્ન થયો.

આ કાર્યક્રમમાં સમસ્ત તપોધન બ્રહ્મ સમાજની મહાસભાના પ્રમુખ શ્રી રમેશભાઈ ઠાકર, મુખ્ય મહેમાન શ્રી દિલીપભાઈ રાવલ, અતિથી વિશેષ તરીકે શ્રી સુભદ્રાબેન ભટ્ટ સાથે શ્રી શૈલેષભાઈ રાવલ, શ્રી અલ્પાબેન પંડ્યા, શ્રી નરેન્દ્રભાઈ રાવલ, શ્રી હિતેન્દ્રભાઈ ભટ્ટ, અને શ્રી પરેશાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

આ શુભ પ્રસંગે આણંદ જીલ્લા તપોધન બ્રહ્મ સમાજની સ્થાપના કરવામાં આવી હતી તેમાં શ્રી બચુભાઈ સેવકે જણાવ્યું હતું કે આ સંસ્થાની સ્થાપના થી સમાજની આર્થિક, શૈક્ષણિક, અને સામાજીક પ્રગતિ થશે.

સમારંભની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય બાદ પ્રમુખ શ્રી રમેશભાઈ ઠાકરે તપોધન બ્રહ્મ સમાજની એકતા તથા સંગઠન માટે આવાહ્ન કર્યુ હતું. જેને દરેક જ્ઞાતિજનોએ વધાવી લીધુ હતું.

શ્રી દિનેશભાઈ ભટ્ટ તથા હરીશભાઈ ભટ્ટે પણ તપોધન બ્રહ્મ સમાજને એક થવા તથા હળી મળી સમાજનો ઉત્કર્ષ કરવા પર ભાર મુક્યો હતો.

સમારંભની આભારવીધી શ્રી દિનેશભાઈ ભટ્ટે કરી હતી. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુમારી મેધાવી સેવકે તથા પરેશભાઈ સેવકે સુંદર રીતે કર્યું હતું.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના સૌ હોદ્દેદારો દ્વારા "દક્ષ દ્રષ્ટિ" પરીવારને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેને માન આપીને "દક્ષ દ્રષ્ટિ" પરીવારના શ્રી બાબુભાઈ જોષી એ હાજર રહી સમસ્ત બ્રહ્મ સમાજનું માનીતુ સામાયિક "દક્ષ દ્રષ્ટિ" વિશે જ્ઞાતિજનોને માહિતગાર કર્યા હતા. આપણું આ સામાયિકદેશ વિદેશમાં વસતા સૌ જ્ઞાતીજનો સુધી પહોંચી સમાજની વિસ્તૃત માહિતી પ્રદાન કરતુ રહ્યું છે. અને આણંદ જીલ્લા તપોધન સમાજ તરફથી પણ આપણા આ સામાયિક ને વધુ વેગ મળી રહે તે માટે સૌ જ્ઞાતીજનોને અનુરોધ કર્યો હતો. ઉપરોક્ત સંસ્થા દ્વારા શ્રી બાબુભાઈ જોષી નું સન્માન કરવામાં આવ્યું હતું.

**– " દક્ષ દ્રષ્ટી "**

# દાહોદ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ જયંતિની વિશાળ જનમેદની સાથે ભવ્ય શોભાયાત્રા.



સમસ્ત બ્રહ્મ સમાજ દાહોદ દ્વારા તા.૧૬/૫/૨૦૧૦ રવિવારને અખાત્રિજના શુભ દિવસે ભગવાન શ્રી પરશુરામ ની જન્મ જયંતિ બ્રાહ્મણ સમાજની વિશાળ જનમેદની વચ્ચે ભારે ઉત્સાહ અને ગૌરવ પૂર્વક ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે એક વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાન પરશુરામની પ્રતિકૃતિ રૂપે એક બ્રાહ્મણ યુવાને સાક્ષાત પરશુરામ સ્વરૂપ ધારણ કરીને સૌ દર્શનાર્થીઓના ધ્યાન આકર્ષિત કર્યા હતા.

શોભાયાત્રા બાદ સૌ જ્ઞાતીજનો શ્રી મોઢ બ્રાહ્મણ સમાજની પુરબીયાવાડ ખાતેની જમન વાડીમાં સભા રૂપે એકત્રિત થયા હતા. આ સભાના મુખ્ય મહેમાન વડોદરા રેન્જના નાયબ પોલીસ મહાનીરીક્ષક () માનનીય શ્રી જે.કે.ભટ્ટ સાહેબ અને મોનીબાબા આશ્રમ લીમખેડા ના મહંત શ્રી રામસ્નેહિ દાસજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વેદ ઘોષ દ્વારા કાર્યક્રમનો શુભારંભ થયા બાદ માનનીય શ્રી જે.કે.ભટ્ટ સાહેબ દ્વારા ભગવાન પરશુરામ ની પુજન અર્ચના થી કરવામાં આવ્યું હતું. સમસ્ત બ્રહ્મ સમાજ દાહોદ ના પ્રમુખ શ્રી ગોપાલભાઈ શર્મા એ સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા.

પુષ્પ ગુચ્છ, શાલ, મોમેન્ટો, સ્મૃતિભેટ દ્વારા બંન્ને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

માનનીય શ્રી ભટ્ટ સાહેબે પોતાના શુભેચ્છા સંદેશ માં જણાવ્યું હતું કે, આજના યુગમાં શાસ્ત્ર સાથે શસ્ત્રનું જ્ઞાન પણ હોવું જરૂરી છે. મહંત શ્રી રામસ્નેહીદાસજીએ બ્રહ્મલીન પ.પુ.મૌનીબાબાનું સ્મરણ કરી બ્રાહ્મણ સમાજને સંગઠન થવા શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે શ્રી બદ્રીપ્રસાદ શર્માજીએ ભગવાન પરશુરામની સ્વરચીત્ત વંદના રજુ કરીને સૌને પરશુરામજીના તેજનો અહેસાસ કરાવ્યો હતો.

સમારંભના અંતમાં મંત્રી શ્રી રમેશભાઈ ભટ્ટે આમંત્રીત સૌ મહાનુભાવો તથા ઉપસ્થિત સૌ ભુદેવોના રૂણ સ્વીકાર્યા હતા.

દાહોદ જીલ્લાના પોલીસ વિભાગના તમામ સ્તરના કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભુમીકા ભજવી હતી.

કાર્યક્રમના અંતમાં સૌ જ્ઞાતીજનો માટે સમુહમાં સ્વરૂચી ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**– બદ્રીપ્રસાદ જે. શર્મા**

# વેદની ઋચા અને સંહિતાનો અર્થ

સંહિતાનો અર્થ સંયોગ, સમુચ્ચય, જોડવું તે, સંગ્રહ (લખાલનો દા.ત. મનુ સંહિતા વેદના મંત્રનો સંગ્રહ ખેંચવું, સંક્ષેપ, સંકોચવું, સંહાર કરવું, પાદ્દું ખેંચવું, નિગ્રહ કરવો દબાવવું,

સંહિત - યુક્ત, સાથેનું - સંબંધિ - માંથી નીકળેલું ગોઠવેલું મુકેલું- નજીકનું પકડેલું - વિધ્વંશ - નાશ અવળે માર્ગે જવું.

હિતઃ મૂકેલ, લીધેલું, યોગ્ય, હિતકર, લાભદાયી પથ્યની તરફ પ્રેમવાળુ. મોકલાવેલુ. ધકેલેલુ. મિત્ર, સલાહકાર, ભલુ કલ્યાણ

જે પ્રભુ સાથે સંયોગ કરાવી સાથે - જોડાણ કરાવી આપે - પ્રભુ દર્શનનો માર્ગ બતાવે તે સંહિતા કહેવાય છે. જેમાં બોધદાયક વચનનો સંગ્રહ થયેલો હોય તે સંહિતા કહેવાય છે. આથી વેદમાં સમાજના સુખ, શાંતિ સમૃધ્ધિ અંગેનું સાંગોપાંગ સંપૂર્ણ હિતબોધક જ્ઞાન સમાવિષ્ટ થયેલું હોવાથી તેને સંહિતા તરીકે જણાવેલ છે. અર્થાત વેદમાં સર્વહિતકારી બોધવચનો સમાયેલા છે.

સંહિતામાં પ્રભુબોધનો - ઈશ્વરની વાણીનો સંગ્રહ થયેલો છે. સર્વ જ્ઞાન, વિજ્ઞાન, તત્વજ્ઞાન અને ધર્મનું મુળ વેદ છે. વેદના મંત્રમાં સંક્ષેપથી સર્વ જ્ઞાનનું વિવરણ કરવામાં આવ્યું છે તે આપણને સંકોચ થાય તેવા અવળે માર્ગે જતા અટકાવે છે. ખરાબ આસુરી અને દુષ્ટ વૃત્તિઓ પર નિયમન રાખવાનો, અંકુશ રાખવાનો અથવા તેનો સંપૂર્ણ નાશ કરી સર્પ દોષ મુક્ત થવા નું જણાવે છે. સાચો ભક્ત સંહિત કહેતા પ્રભુ સાથે સદાય યુક્ત અર્થાત જોડાયેલો હોય છે. તે કદાપિ પ્રભુથી વિભક્ત કહેતા છૂટો પડતો નથી. જુદો થતો નથી.

સંહિતાનો અર્થ નિગ્રહ થાય છે. નિગ્રહ કહેતા આપણે આપણી વૃત્તિને બહાર ભટકતી રાખવાને બદલે તેને પોતાની અંદર પાછળ ખેંચી પોતાના આત્મામાં સ્થિર થવું એવું જણાવે છે. આમ નિગ્રહ શબ્દ સ્વવૃત્તિ બહાર જતી અટકાવવાનું જણાવે છે. જે પોતાના ક્રોધ, કામ, મોહ ની લાગણીનો વશ ન કરતા ગમે તેમ અનેક વિષયમાં ભટકાવ્યા કરે છે. ત્યારે તે ધર્મ અને ઈશ્વરથી વિમુખ બની સજાપાત્ર બને છે. જેમ કે ક્રોધી માણસ ક્રોધના આવેશમાં આવી જઈ અતિક્રોધથી લાગણીને વશ થાય છે. ત્યારે તેનું હૃદય બંધ થયાના દાખલાઓ પણ નોંધાયા છે. વળી વેદમાં પરંપરાથી ઋષિમુનિઓનો ઈશ્વરીય બોધનો પરીચય થયેલો છે. આપણો સાચો સબંધ ઈશ્વર સાથેનો છે. ઈશ્વર સમસ્ત જગતના સ્વામી અને પિતા છે. આપણા પરમપિતા પરમેશ્વરની વાણી વેદમંત્રના સમુચ્ચયમાં સંગ્રહ પામેલા છે. તેથી તો વેદવાણીને પ્રભુવાણી તરીકે ઓળખવામાં આવે છે.

વેદનો રચનાર કોઈ વસ્તુ, વ્યક્તિ નથી. તે કોઈની બુધ્ધિ કે કોઈની અક્કલમાંથી નીપજેલી વસ્તુ નથી. વેદ ધર્મનો કોઈ સ્થાપતુ નથી. જેમ મુસ્લિમ ધર્મના સ્થાપક મહંમદ પયગંબર ગણાય છે, ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત, જૈન ધર્મના સ્થાપક મહાવીર, બુધ્ધ ધર્મન સ્થાપક બુધ્ધ અને શીખ ધર્મના સ્થાપક ગુરૂનાનક ગણાય છે. તેમ વેદ ધર્મના સ્થાપક તરીકે કોઈ વ્યક્તિનું નામ નથી. તેથી સચોરૂષેય કહેવાય છે. તેથી તે સનાતન અને શાશ્વત ધર્મ ગણાય છે. તેમાં કોઈ એક વ્યકિત સમાજ કે રાષ્ટ્ર અથવા એક પ્રજા માટે બોધ કે સંદેશ નથી. તેનો બોધ સાર્વગિક બોધ છે. વિશ્વના દરેક માણસનું ભલુ કરનાર છે. આમ વેદ અથવા સંહિતાનો બોધ વિશ્વના સમસ્ત માનવ સમાજના દરેક વ્યક્તિ માટે લાભદાયી હોઈ તે સર્વ લોકો માટે સામાન્ય વિશ્વ ધર્મ છે. હા વેદમાં આર્ય શબ્દનો ઉપયોગ થયેલો છે. પણ તે "આર્ય" નામની પ્રજા કે જાતિવાચક શબ્દ તરીકે નહિ. "આર્ય" શબ્દ "આર્ય" ઉપરથી ઉતરી આવ્યો છે. "આર્ય"નો અર્થ ઈશ્વર, પ્રભુ પરમાત્મા થાય છે. આર્ય શબ્દ "આર્ય"માંથી બનેલો હોઈ તેનો અર્થ ઈશ્વરપુત્ર, પ્રભુપુત્ર પરમાત્મા પુત્ર, ગણાય છે. જેમકે કુરૂના પુત્ર કૌરવો ગણાય. રઘુના પુત્ર રાઘવો ગણાયા. પાંડુના પુત્ર પાંડવો કહેવાયા તો અર્થ (ઈશ્વર) પરથી આર્ય શબ્દ બનેલો હોઈ તેનો અર્થ પ્રભુના સંતાન ગણી શકાય. તે યથાર્થ છે. ઈશ્વર માટે વેદમાં બીજો શબ્દ પ્રજાપતિ છે. પ્રજાપતિ પૃથિવી પર વસતા જુદી જુદી દરેક પ્રજાનો પ્રતિ કહેવાય છે. ઈશ્વર વ્યક્તિ નથી. દિવ્ય ચૈતન્યમય સર્વવ્યાપી શક્તિ છે. પ્રજાપતિ રૂપ પરમાત્મા વિશ્વના દરેક રાષ્ટ્ર અને દરેક પ્રજાના પતિ - ઉત્પન્નકાર કોઈ દરે રાષ્ટ અને પ્રજા - તે પ્રજાપતિનું સંતાન જ ગણાય. આમ વેદ ઈશ્વરની વાણી હોઈ - તેનો બોધ પૃથ્વીની દરેક પ્રજાના માટે સમાન રીતે સંબોધાયેલો છે. તે જ સંહિતાનો સાચો અર્થ છે. નહિતર તેનો સર્વનું હિત કર્તા તે સંહિતા સાર્થક ગણાય નહિ. તેવું મારૂ નમ્ર પણ દ્રઢ પણે માનવું છે.

**– શરદચંદ્ર ભટ્ટ**

શ્રી ૧।

# દક્ષ દ્રષ્ટિ

સમસ્ત બ્રહ્મ સમાજનું માનિતુ સામાયિક

દક્ષ કન્સલ્ટન્સી
૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ, ગંજબજાર, નડીઆદ,
ફોન : (ઓ) ૨૫૬૪૨૩૨, (મો) ૯૮૨૫૪૪૯૫૦૫, ૯૪૨૮૬ ૪૯૯૪૫
Email : dakshconsultancyape@yahoo.co.in



**: સ્થળ :**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

રવિવાર તા. ૧૮/૭/૨૦૧૦

## જીવન સાથી પસંદગી સંમેલન

**: સમય :**

સવારે ૯.૦૦ કલાકે

પુસ્તિકામાં નામ/વિગત અને તસવીર સાથે કુરીયર થી પુસ્તિકા મેળવવા માટે **રૂા. ૨૦૦/-**

પુસ્તિકામાં નામ વિગત તસવીર અને ઉમેદવાર સાથે બે વ્યક્તિને અલ્પાહાર/ભોજન અને ઉમેદવારને સ્વપરીચય માટે મંચ અને પસંદગીના પાત્રો અને વાલીઓ સાથે મુલાકાત માટે અલગ ટેન્ટની વ્યવસ્થા. **રૂા. 300/**

ઉમેદવારનો તાજેતરનો કલર ફોટો ગુંદરથીજ લગાવવો.

ઉમેદવારની અટક : ____ નામ : ____ પિતા : ____

સંપર્કનું સરનામુ : ____

પીન કોડ : ____ ફોન : (ઓ) : ____ (રહે) : ____

(મો) ____ ઇ.મેઈલ : ____

પેટા જ્ઞાતિ અને ગોળ : ____ ગોત્ર : ____ વતન : ____

જન્મ તારીખ : ____ જન્મ સમય : ____ જન્મ સ્થળ (જીલ્લા સાથે) : ____

ઉમેદવારનો અભ્યાસ : ____

ઉંચાઇ : ____ ફુટ / ઇંચ વજન : ____ કિ. મંગળ/શનિ : ____ નાડી : ____ નક્ષત્ર : ____

ચરણ : ____ ચશ્મા છે / નથી. ____ ચામડીનો રંગ : ગોરો / ઘઉંવર્ણો : ____ બ્લડ ગૃપ : ____

ઉમેદવાર અપરણિત છે ? ____ છૂટા છેડા લીધેલ છે ? ____

ઉમેદવાર વિધુર છે ? ____ બાળકો છે ? ____

ઉમેદવારનો વ્યવસાય : ____ ઉમેદવારની માસિક આવક રૂા. ____

માતાનો વ્યવસાય : ____ માતાની માસિક આવક રૂા. ____

પિતાનો વ્યવસાય : ____ પિતાની માસિક આવક રૂા. ____

ઉમેદવારનો વિસ્તૃત સ્વપરીચય : શોખ : ____ સ્વભાવ : ____ ટેલેન્ટ કે કૌશલ્ય : ____

અપેક્ષા : ____

મ.ઓ./ડીમાન્ડ ડ્રાફ્ટ દક્ષ કન્સલ્ટન્સી ના નામે ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ ગંજબજાર નડીઆદ ના સરનામે મોકલી આપવા વિનંતી.

ઉમેદવારની સહી : ____

**ભરેલા ફોર્મ તારીખ ૧૦/૭/૨૦૧૦ સુધીજ સ્વીકારવામાં આવશે.**

અનિવાર્ય સંજોગો ને આધિન આયોજન ની તારીખમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં સૌ ઉમેદવારોએ આયોજકોને સહકાર આપવાનો રહેશે.

ફોર્મ સ્વીકારાયા બાદ કોઇ પણ કારણોસર ઉમેદવારની ફી પરત મળશે નહિ.

જીવનસાથી પસંદગી માં ભાગ લેવા ઇચ્છતા ઉમેદવારો સામયિકમાં દર્શાવેલ ફોર્મમાં વિગત ભરી ફોર્મ પેજ નં. ૭ ઉપર દર્શાવેલ લવાજમ સ્વીકારવાના સ્થળો ઉપર જમા કરાવી શકશે. - " દક્ષ દ્રષ્ટી "

## લગ્નવિષયક

આણંદ નિવાસી વ્યાસ બાલમુકુન્દભાઇ મનમોહનદાસ ની સુપુત્રી ચિ.નૂતન બી.કોમ. અને એમ.બી.એ કરી હાલ લંડન સ્થિત થયેલ ઉ.વ. ૩૫ સુંદર અને દેખાવડી યુવતી માટે સંસ્કારી અને ઉચ્ચ અભ્યાસ ધરાવતા બ્રાહ્મણ પરીવારના યુવકના વાલી તરફથી પૂછ પરછ આવકાર્ય છે.
સંપર્ક : અનસુયાબેન વ્યાસ, ફોન : ૦૨૬૯૨ ૨૫૧૫૮૩ અથવા દક્ષ દ્રષ્ટિ કાર્યાલય નડીઆદ.

રાજકોટ નિવાસી પંડ્યા ગોરધનદાસ છગનલાલ ની સુપુત્રી ઉ.વર્ષ - ૨૮ એમ.બી.એ. પૂર્ણ કરી હાલ (ન્યુયોર્ક - અમેરિકા) સ્થિત થયેલ યુવતી માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા સંસ્કારી પરીવારના બ્રાહ્મણ યુવક ના વાલીઓ તરફથી પૂછપરછ આવકાર્ય છે. ડૉક્ટર તેમજ ફાર્માસીસ્ટ યુવક માટે પ્રથમ પસંદગી રહેશે. રૂબરૂ સંપર્ક માટે ક્ષમા કરશો. માત્ર આપની વિગતો દક્ષ દ્રષ્ટિ કાર્યાલય મારફતે મોકલવા વિનંતી.
સંપર્ક : દક્ષ દ્રષ્ટિ કાર્યાલય (નડીઆદ)

## ગાયત્રી યજ્ઞનું આયોજન

સમસ્ત બ્રહ્મ સમાજ ગાયત્રી જપ યજ્ઞ મંડળ નડીઆદ અને વસોનું ગાયત્રી આયોજન તા.૨૦/૫/૨૦૧૦ને ગુરૂવારના રોજ વારાહી માતાના મંદિરનો પાટોત્સવ પ્રસંગે ખેડાવાળ મહોલ્લો, વસો ખાતે થયું. જેમાં ૪૯ વિપ્ર ગાયત્રી ઉપાસકોએ ૮૫,૮૦૦ ગાયત્રી જપ કર્યા. યજમાન તરફથી દરેકને રૂા.૧૫૧/- દક્ષિણા આપવામાં આવી હતી. વિશ્વશાંતિ અને કલ્યાણ અર્થે મા ગાયત્રીને જપ અર્પણ કરવામાં આવ્યા હતા.

**-પ્રવિણભાઇ પંડ્યા**

| અ.નં | રકમ | સંદર્ભ | નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી પંડ્યા સુરેશભાઈ ડાહ્યાલાલ | બાયડ |
| ૨ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ત્રિવેદી પ્રવિણભાઈ મહાશંકર | વેજલપુર |
| ૩ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ધવલકુમાર ગીરીશકુમાર પંડ્યા | ગોધરા |
| ૪ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી આનંદપ્રસાદ ગીરજાશંકર ભટ્ટ | ભાવનગર |
| ૫ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી વિષ્ણુભાઈ નરસિંહભાઈ જોષી | ભાવનગર |
| ૬ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી કમલકાન્તભાઈ રવિશંકરભાઈ ભટ્ટ | ભાવનગર |
| ૭ | રૂા.૫૦૧/- | આ.લવાજમ | શ્રી ભદ્રેશભાઈ પી. વ્યાસ | જામનગર |
| ૮ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી જમનાશંકર રેવાશંકર જોષી | જામનગર |
| ૯ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી કૈવલભાઈ સુરેશચંદ્ર જોષી | રાજકોટ |
| ૧૦ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી અમરીશભાઈ જગદીશભાઈ આચાર્ય | ભાવનગર |
| ૧૧ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી મોઢેશ્વરી ટ્રેડીંગ કંપની | ભાવનગર |
| ૧૨ | રૂા.૫૫૧/- | આ.લવાજમ | શ્રી પ્રવિણભાઈ બી. પંડ્યા | ભાવનગર |
| ૧૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડિત ધનપ્રસાદ પન્નાલાલ | અંકલેશ્વર |
| ૧૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા નટવરલાલ ચુનીલાલ | ચોઈલા |
| ૧૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા બુધાભાઈ રેવાશંકર | ચોઈલા |
| ૧૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ મનસુખભાઈ કાનજીભાઈ | નડીઆદ |
| ૧૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મહેતા પ્રવિણભાઈ રતિલાલ | ભાવનગર |
| ૧૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સતિષભાઈ એમ. ભટ્ટ | ગોંડલ |
| ૧૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ધાંધલીયા વજેરામ નથ્થુભાઈ | વાવડી |
| ૨૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ત્રિવેદી વિનોદરાય અમૃતલાલ | બોરડી |
| ૨૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી વ્યાસ પદ્માબેન જયંતિલાલ | ભાવનગર |
| ૨૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ત્રિવેદી દિનેશભાઈ લાભશંકર | શિહોર |
| ૨૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી છેલભાઈ ડી. મહેતા | કોડીનાર |
| ૨૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ભટ્ટ પ્રવિણચંદ્ર જયશંકર | ભાયંદર (વેસ્ટ) |
| ૨૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જાની જગદીશભાઈ જમનાદાસ | ભાવનગર |
| ૨૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જાની નરહરીભાઈ માધવજીભાઈ | કરદેજ |
| ૨૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જાની બીપીનચંદ્ર માધવજીભાઈ | કરદેજ |
| ૨૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પંડ્યા અનિલભાઈ બાલાશંકરભાઈ | ખડસલી |
| ૨૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ઓમપ્રકાશ જી. શર્મા | બોડેલી |
| ૩૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ચંદ્રકાન્ત ઈશ્વરભાઈ પંડ્યા | રાજકોટ |
| ૩૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સુલોચનાબેન સુભાષભાઈ ભટ્ટ | ભાવનગર |
| ૩૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દીપકભાઈ આઈ. દવે | સુરેન્દ્રનગર |
| ૩૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સત્યપાલભાઈ રામભાઈ દવે | ભાવનગર |
| ૩૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી દીપ્તીબેન ચેતનભાઈ ગોર | અમરેલી |
| ૩૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી કૃણાલભાઈ ભૂપેન્દ્રભાઈ પંડ્યા | અમરેલી |
| ૩૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જગદીશભાઈ મહેન્દ્રભાઈ જાની | મોરબી |
| ૩૭ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સુભદ્રાબેન જયેશભાઈ શર્મા | જામનગર |
| ૩૮ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સંજયભાઈ એમ.પંડ્યા | જામનગર |
| ૩૯ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પ્રિયંકભાઈ એમ. પંડ્યા | ભાવનગર |
| ૪૦ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી ઓમપ્રકાશ જી. શર્મા | ભાવનગર |
| ૪૧ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી યજ્ઞેશભાઈ પી દાણી | ભાવનગર |
| ૪૨ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી પ્રિયંકભાઈ પી. પંડ્યા | જામનગર |
| ૪૩ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી સુરેશભાઈ ડી. મહેતા | ભાવનગર |
| ૪૪ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી બળવંતભાઈ કે.પાઠક | ભાવનગર |
| ૪૫ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી મુકેશભાઈ દેવેન્દ્રભાઈ ગોર | રાજકોટ |
| ૪૬ | રૂા.૧૦૧/- | લવાજમ | શ્રી જીતુભાઈ એમ. પાઠક | મોરબી |

**આજીવન લવાજમ રૂા.૫૦૧/-**
**વાર્ષિક લવાજમ રૂા.૧૦૧/-**

**આપનું લવાજમ ભરવા માટે લવાજમની રકમનો ચેક દક્ષ કન્સલ્ટન્સી નામથી લખી નીચેના સરનામે કુરીયર અથવા પોસ્ટથી મોકલી આપવા વિનંતી.**


**દક્ષ કન્સલ્ટન્સી,**
**૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,**
**નડીઆદ-૩૮૭૦૦૧.**
**ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૮૨૫૪ ૪૯૫૦૫.**
Email : daksh_drasti@rediffmail.com
Email : dakshconsultancyape@yahoo.co.in

## " દક્ષ દ્રષ્ટી " મેળવવા અને સમાચાર તથા લવાજમ મોકલવાનું સરનામુ

નડીઆદ :-દક્ષ કન્સલ્ટન્સી, ૧૧૮, ઘંટાકર્ણ કોમ્પલેક્ષ,ગંજબજાર,નડીઆદ-૩૮૭૦૦૧.
ફોન નં.(૦૨૬૮) ૨૫૬૪૨૩૨. (મો) ૯૪૨૮૬ ૪૯૯૪૫
મુંબઈ :- ભૂપેન્દ્રભાઈ બી.આચાર્ય
ફોન નં.૨૮૦૨૧૨૪૨ / ૨૮૦૫૬૭૪૦, (મો)૯૮૨૦૩૩૩૩૫૨.
ભાંડુપ :- શ્રી પંડ્યા સુરેશચંદ્ર ડાહ્યાલાલ
(મુંબઈ - ૭૮) ફોન : ૨૫૯૬૩૦૨૨ (મો) ૯૮૭૦૪૩૩૪૯૯.
ભાયંદર :- શ્રી પંડ્યા સંજયકુમાર રસીકલાલ,થાણા - ૪૦૧૧૦૧.
ફોન : ૩૨૯૧૭૦૭૭ (મો) ૯૩૨૪૪૭૦૦૪૭.
ડોંબીવલી :- શ્રી નિલેશભાઈ શંકરલાલ રાવલ
ફોન:૯૩૨૩૩૧૨૬૫૧,૯૯૨૦૪૮૭૬૪૩,
બોરીવલી:- ઠાકર મુકેશભાઈ ભાનુશંકર ફોન : ૯૩૨૪૫ ૯૨૪૯૯.
અમદાવાદ :- કમલેશભાઈ મણીભાઈ પંડ્યા. ફોન નં.૯૪૨૭૦૨૨૨૩૯.
ખેરાડી :- ડૉ.ચંદુલાલ શંકરલાલ જોષી ફોન નં. ૨૨૦૩૨૧, ૯૪૨૭૦૪૮૮૦૫.
રૂપાલ :- ચંદુલાલ વલ્લભરામ જોષી. ફોન નં. ૦૨૭૭૨-૨૭૨૧૬૨,
ચોઈલા :- નટુભાઈ ચુનીલાલ પંડ્યા. ફોન :૯૫૨૭૭૯-૨૨૨૩૭૮
મોડાસા :- અતુલભાઈ કેશવલાલ રાવલ. ફોન નં : ૨૪૩૩૧૮. (મો) : ૯૯૭૯૪૧૬૫૬૬
હિંમ્મતનગર :- મહાદેવપ્રસાદ કેશવલાલ જોષી. ફોન :- ૯૨૭૫૦ ૮૧૬૩૨
વડોદરા :- ભટ્ટ મુકેશભાઈ મધુસુદનભાઈ ફોન :(રહે) ૨૪૯૨૬૭૭(મો): ૯૪૨૬૯૬૨૫૨
ગાંધીનગર :- મનુપ્રસાદ એલ. જોષી. ફોન : ૨૩૨૪૮૦૬૧ (મો): ૯૮૨૪૦ ૦૬૭૪૮.
દાહોદ : બદ્રીપ્રસાદ જે.શર્મા. ફોન : ૯૯૨૫૫ ૦૨૦૨૪
હાલોલ : કિશોરભાઈ સોમેશ્વર પંડ્યા, ફોન :(૦૨૬૭૬)૨૨૫૬૭૪(મો)૯૪૨૭૭ ૧૭૧૩૫
ગોધરા : ભાનુભાઈ શીવશંકર મહેતા. ફોન : ૯૪૨૮૦ ૧૨૯૦૮, ૯૮૨૫૩ ૩૧૪૩૩
દીવ/ ઉના : શ્રી રમેશભાઈ રાવલ (સિંહ દર્શન) ફોન : ૯૮૨૫૯ ૯૬૨૫૪
વેજલપુર : શ્રી સુરેશભાઈ એન. જોષી (પત્રકાર) ફોન : ૯૯૭૯૩ ૭૦૮૯૧

માનવ માત્રે સાહસ, ઉત્સાહ, આશા અને પ્રેરણાના સિંચન થકી જીવનને સફળ બનાવવું. માનવી પરમાત્માનો અંશ છે. સૌ હરિને સંભાળે , હરિ તેમને સંભાળશે. હળી મળીને સૌ પ્રેમથી જીવન જીવતા શીખો. સાદગી અને સંયમથી જીવો. દરેક સાથે મમતાથી વર્તો, બને તેટલા બીજાને ઉપયોગી થાવ. દુન્વયી વ્યવહારો, નીતિ નિયમો પાળવા સાથે સાથે આત્માનું અને સમષ્ટિનું કલ્યાણ સાધો. સંસારમાં રહીને જ ઈશ્વર પ્રાપ્તિ કરી શકાય છે. યાદ રાખો દરિયાના તળિયે પડેલ સોનાને બહાર લાવવામાં સફળતા મેળવનારો માનવી કદાચ કરોડપતિ બની જાય છે. પણ પોતાના અંતરમાં ધરબાયેલી પ્રેમ લાગણી સંવેદના અને શીલતાને બહાર લાવવામાં સફળ બનનારો તો ખૂદ પરમાત્મા સ્વરૂપ જ બની જાય છે.

મનુષ્ય જન્મ ૮૪ લાખ યોનીમાનો અમુલ્ય અવસર છે. તમે પોતાની સમજનો સદ્ઉપયોગ કરો તો જન્મ-મરણના મહા દુઃખથી પણ છૂટી શકાય. પોતાની સત્તા, સેવા અને અનુભવોનો આદર કરો સતપુરૂષો, સત્શાસ્ત્રો, સંતો પાસેથી સાચુ માર્ગદર્શન મેળવી માનવ જીવનને સાર્થક સફળ બનાવો. વ્યક્તિ તેના ગુણ અને કાર્યથીજ મહાન બને છે. ત્યારે તેને કોઈ પંથ, વાડો, વર્તુળ, સંપ્રદાય રહેતો નથી. સમગ્ર વિશ્વને તેનો પરિવારીક સબંધ જાળવવા પ્રયત્નશીલ રહે છે. વ્યક્તિમાંથી સમષ્ટિમાં જ તે પોતાના સ્વસ્વરૂપને નિહાળે છે. વિશ્વ બંધુત્વનો સતત વિકાસ કરી વિસ્તાર વધારે છે.




જીવનમાં પરિસ્થિતિઓનો મજબુત મનોબળથી સામનો કરી પ્રત્યેક નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ બતાવતુ પુસ્તક એટલે.

**" જીવન સંદેશ "**

**પુસ્તક મેળવવાનું સ્થળ**

| | | |
|---|---|---|
| દક્ષ કન્સલ્ટન્સી | ગંજબજાર | નડીઆદ |
| ગજાનન પુસ્તકાલય | ટાવર રોડ | સુરત |
| હરીહર પુસ્તકાયલ | ટાવર રોડ | સુરત |
| પરમહંસ સ્ટેશનરી | સંસ્કૃત પાઠશાળાની બાજુમાં | ડાકોર |
| વલ્લભ બુક સ્ટોલ | મેઈન બજાર | ઉમરેઠ |
| સ્વદેશી વસ્તુ ભંડાર | ૪, જેમ્સ પ્લાઝા | આણંદ |
| આશીક બુક સ્ટોલ | જુનુ બસ સ્ટેશન | આણંદ |
| અજય બુક સ્ટોલ | મોટા બજાર | વિદ્યાનગર |
| અરિહંત બુક સ્ટોલ | એસ.ટી.સ્ટેન્ડ | હિંમતનગર |

તથા તમામ અગ્રણી પુસ્તક વિક્રેતાઓને ત્યાં ઉપલબ્ધ

**" દક્ષ દ્રષ્ટી "નું આજીવન લવાજમ ભરનારને પુસ્તક ભેટ સ્વરૂપે મળશે.**

**વડીલશ્રી, આપનું આજદીન સુધીનું / ચાલુ વર્ષનું લવાજમ બાકી છે તો સત્વરે મોકલી આપવા વિનંતી. (આપનું આજીવન / વાર્ષિક લવાજમ જમા કરેલ છે.) " દક્ષ દ્રષ્ટી "**

અનુસંધાન પાન (૧) પરનું ચાલુ .....

સમતા રાખે છે. બ્રહ્મ સમાજ વિખરાયેલી માળા જેવો કદી ન હોવો જોઇએ. એકતા એજ મોટી તાકાત છે. બ્રાહ્મણ જનોઇ ધારણ કરે ત્યારે તેનો બીજો જન્મ થાય છે. જન્મના સંસ્કાર પછી જનોઇના સંસ્કાર પ્રાપ્ત થતા વેદાધ્યયન અધિકાર મળે છે. જનોઇનો પ્રથમ અક્ષર (જ) જન્મ અને છેલ્લો અક્ષર (ઇ) ઇશ્વરનું સુચન કરે છે. એનો અર્થ એ કે, માનવ જન્મ ઇશ્વર સાથે અને ઇશ્વર સુધી પહોંચવા માટે છે. તેથી બ્રાહ્મણને ભૂદેવ કહેવામાં આવે છે. જે ભગવાનનું પ્રતિનિધિત્વ અદા કરે છે. બ્રહ્મ ચોર્યાસી દ્વારા નાના-મોટા, ગરીબ-અમીર, સર્વના આત્માનું પુજન અને જઠર તૃપ્તિનું મહાપર્વ મનાય છે. સમાજની એકતા અને ભાગીદારીના દર્શન થાય છે. સૌના હિતમાં વધારો કરતા ભગવાનના આશિર્વાદ પ્રાપ્ત થાય છે. આવી અપૂર્વ બ્રહ્મચોર્યાસીઓ ગુજરાતમાં જે તે સમયે ઐતિહાસિક થઇ છે. તેમાં નોંધપાત્ર સિધ્ધપુર, પાટણ ખાતે સિધ્ધરાજ સોલંકીએ, વીરપુરમાં રાજમાતા મિનળદેવીએ, સોમનાથમાં ઇન્દોરના મહારાણી અહલ્યાબાઇએ, શિહોરમાં લક્ષ્મણ ચૈતન્ય મહારાજે અને ભાવનગરમાં મહારાજા તખતસિંહજી ભાવસિંહજી અને તા.૨૨ / ૨૩ મે ના રોજ શ્રી ભાવેશ રાજયગુરૂના અધ્યક્ષ સ્થાને બ્રહ્મસેના આયોજીત સારી રીતે થઇ છે.

ભાવનગર આ વખતે થયેલ બ્રહ્મચોર્યાસીમાં ૧૫ ટન લોટના લાડુ, ૨૦ ટન ચોખા, ૧૫ ટન લોટની પુરી, ૨૫ ટન શાક, ૫ ટન ચોખ્ખુ ઘી, ૪ ટન તેલ, ૨ ટન તુવેરદાળ, ૪ ટન મીઠુ, ૧૦ ટન બરફ વિગેરેનો વપરાશ થયો હોવાનો અંદાજ છે. ભાવેશભાઇ રાજયગુરૂએ સૌનો સહકાર પ્રાપ્ત થયો હતો. બ્રહ્મસેના દ્વારા વિશેષ આગામી કાર્યક્રમો અને સંકલ્પ બધ્ધ યોજનાઓ જાહેર કરવામાં આવી જેમાં સમુહ યજ્ઞોપવિત, સમુહ લગ્ન, સ્ત્રી ભ્રૂણ હત્યા, ન કરે તેની જાગૃતિ, પરશુરામજીના મંદિરોનું નિર્માણ, સુદામા અન્નદાન યોજના, સંયુકત બ્રાહ્મણ કુટુંબને પ્રોત્સાહન, યુવાનોને રોજીરોટી, શિક્ષણ, કોમ્પ્યુટર જ્ઞાન, જીવનસાથી પસંદગી મેળા, ઇકોમર્સ ટેકનોલોજી, રોજગાર માર્ગદર્શન, બિમારી સમયે બ્રહ્મ પરીવારોને મદદ. એસ.એમ.એસ. અને ઇ-મેઇલથી બ્રહ્મ સંપક સેતુ નિર્માણ. વેવાઇ પસંદગી મેળા, બ્રહ્મ ચોર્યાસી વિગેરેનો સમાવેશ થાય છે. હવે વિશેષ મહાનુભાવોના અમુલ્ય વચનો વાંચો, વિચારો,અને બીજાને વંચાવો, બ્રહ્મ સમાજને સધ્ધર અને સમૃધ્ધ બનાવો.

(૧) કોઇની પણ સલાહ પ્રમાણે ચાલવામાં જેટલુ જોખમ છે એટલુ જ જોખમ કોઇને પણ સલાહ આપવામાં છે. (જગદગુરૂ શંકરાચાર્ય મહારાજ)

(૨) બ્રહ્મસેનાનો ઉદ્દેશ વિશ્વસ્તરીય સંગઠન અને સમુહ કલ્યાણનો છે.

(૩) જીવનમાં જેણે સંપત્તિના ઢગલા જોયા છે પણ ભાવનાના પ્રેમના ઢગલા જોયા નથી તેણે જીવનમાં કશું જ જોયું નથી.

(આંતર રાષ્ટ્રીય જ્યોતિષ ડૉ.ધનશ્યામ એન.રાજયગુરૂ)

(૪) બ્રાહ્મણ કોઇનાથી ડરે નહિ, અને જે ડરે તે બ્રાહ્મણ નહિ. સાચાને આંચ નહિ ખોટાને સ્થાન નહિ. ડૉ.રાજયગુરૂ

(૫) નિંદાની નનામી જે ઉચકી શકે તે પ્રતિષ્ઠાની પાલખીમાં બેસી શકે. (શાસ્ત્રી પિનાકીનભાઇ -કાલોલ)

(૬) બાપને હંમેશા કમાઉ દિકરો જ ગમે જ્યારે માતાને કમાઉ અને કમજોર બંન્ને દિકરા ગમે. કારણ બાપ કરતા મા ઇશ્વરથી મહાન છે.

ભાવનગરના બ્રહ્મ મહાકુંભે સુવર્ણ અક્ષરે ઇતિહાસ સર્જ્યો. જેની સમગ્ર વિશ્વમાં નોંધ લેવાશે. ભાવનગર શહેરમાં ન ભૂતો ન ભવિષ્યતિ જેવા ૧૨૫૭ સમુહ યજ્ઞોપવિત સમારોહ માં મૂડનધારી બટુકોની વિરાટ શોભાયાત્રા શહેરના જવાહર મેદાનથી નીકળી હતી. જેમાં ભગવાન પરશુરામ, ચાર વેદો, સુદામા કૃષ્ણ, બ્રહ્મ વિભુતિઓના દર્શન થયા. આ શોભાયાત્રામાં ૨૦૦૦થી વધુ મોટર બાઇક, ૩૦૦ ટ્રેક્ટર, ૧૦૦ ટ્રક, ૧૫ ઉંટગાડી, ૧૨ બગી, ૨૦ છકડા, ૨૦૦ થી વધુ કાર પાંચલાખથી વધુ જનમેદની સામેલ થયેલ. શોભાયાત્રા જવાહર મેદાનથી નીકળી સંત કંવરરામ ચોક, કાળા નાળા, જશોનાથ ચોક, ગંગાજરીયા તળાવ, ઘોઘાગેટ ચોક, હાઇકોર્ટ રોડ, હલુરીયા ચોક, ગાંધી સ્મૃતિ, ડૉન ડાયમંડ ચોક, મહિલા કોલેજ આંબાવાડી, ઘોઘા સર્કલ, રૂપાણી સર્કલ, સંસ્કાર મંડળ, થઇ આતાભાઇ ચોકમાં બ્રહ્મસેનાના કાર્યાલય પાસે સભાના રૂપમાં ફેરવાઇ હતી. જેમાં ફિલ્મી કલાકારો, ક્રિકેટરો, ભાવિન પાઠક ૩૦૦૦થી વધુ ડૉક્ટરો, ૨૦૦૦થી વધુ વકીલો અને દરેક ક્ષેત્રના નિષ્ણાંત બ્રાહ્મણ આગેવાનો જોવા મળતા હતા. ભાવેણા ઉપર ભાવનગર બનેલ તેના રાજમાર્ગો પર નીકળેલી આ વિરાટ શોભાયાત્રા પર વિમાન દ્વારા પૃષ્પવૃષ્ટિ થતા જનમેદનીમાં જયપરશુરામનો ઉદ્દઘોષ દ્વનિ ગુંજતો થયો હતો.

એકંદરે સમગ્ર કાર્યક્રમ સંપૂર્ણ રીતે સફળ, સુખદાયી, સમાજ અને રાષ્ટ્રના હિતમાં વૃધ્ધિ કરવા બ્રાહ્મણે ભૂદેવોનું યોગદાન ઉમદા રહેલ છે. બ્રાહ્મણ જ સમાજ અને રાષ્ટ્રને વિશ્વસ્તરની સાચી દિશા, દ્રષ્ટિ અને ધર્મોપદેશ આપવા કટીબધ્ધ થયેલ છે. તેની પ્રતિતિ થયા વિના રહેતી નથી.

ભાવનગર ના આ આયોજનમાં સૌ બ્રહ્મ બંધુઓએ સાથે મળી આ આયોજનને સફળતા પૂર્વક નિર્વિઘ્ને પૂર્ણ કરવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ભાવનગરના આ આયોજનમાં હજારો નગરજનોએ બ્રહ્મચોર્યાસીની પ્રદક્ષિણા કરી ધન્યતા અનુભવી હતી. અને પિતૃઓને મોક્ષ અપાવ્યો હોવાનો સંતોષ માન્યો હતો. વેદોમાં કહેવાય છે કે ચારધામની યાત્રાથી જેટલુ પુણ્ય મળે તેટલુ પુણ્ય આ બ્રહ્મ ચોર્યાસીની પ્રદક્ષિણા કરવાથી મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીરામે પણ તે કાળમાં બ્રહ્મ ચોર્યાસીના આયોજનો કર્યા હતા.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સંસ્થાના સૌ હોદ્દેદારો દ્વારા "દક્ષ દ્રષ્ટિ" પરીવારને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેને માન આપીને "દક્ષ દ્રષ્ટિ" સામયિક ના વડીલ શ્રી બાબુભાઇ જોષી, અને શ્રી પ્રવિણભાઇ પંડ્યા એ હાજર રહી પોતાનો પૂર્ણ સહયોગ આપ્યો હતો. અને સંસ્થાના હોદ્દેદારો તરફથી પણ "દક્ષ દ્રષ્ટિ" સામયિક ને વધુ વેગ મળે તે માટે પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

**– દક્ષ દ્રષ્ટિ**

# માનવતા અને સહિષ્ણુતા

આપણે ત્યાં ધર્મ વિશે કહેવાય છે કે, ધર્મો બધા સરખા છે. તાત્વીક રીતે અને વ્યવહારમાં એ વાત બરાબર લાગતી નથી. જો બધા ધર્મો સરખા જ હોત તો દુનિયામાં ધર્મના નામે લડાઇ ઝગડા જ ના હોય. ધર્મના નામે વાદ,વિવાદ અને વિગ્રહો જ ના થાય. મૂળભૂત રીતે બધા ધર્મો સરખા નથી. બધા ધર્મો એક વાત કરતા નથી. દરેક ધર્મના ચિંતનમાં ક્રિયાઓ અને ધારણાઓમાં ઘણી વિભિન્નતા છે. અલબત્ત બધા ધર્મોએ જીવોના સુખ માટે વિચાર કર્યો છે. તે પણ સ્થળ સાધનો અને પ્રદેશ પ્રકૃતિ અનુસાર ધર્મ પ્રચાર પ્રસાર કરેલ છે. હિન્દુ ધર્મ, જૈન ધર્મ, ઇસ્લામ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, જરથુસ્ત ધર્મ, બૌધ ધર્મ, વિગેરેમાં વિવિધ માન્યતાઓ પ્રવર્તે છે. તેમાં એક સુત્રતા નથી. તેનું કારણ ધર્મના સાચા સ્વરૂપને સમજ્યા જ નથી.

આ સંસાર અને દુનિયામાં પ્રત્યેક ધર્મના અનુયાઇઓએ ધર્મ વિશે સાચી સમજણ કેળવવાની અને આચરણમાં મૂકવાની જરૂર છે. દુનિયામાં સારી રીતે જીવવું હોય, અને સૌને સારી રીતે જીવાડવા હોય તો માનવતા અને સહિષ્ણુતા દરેક ધર્મે કેળવવી પડશે. **જીવો અને જીવવા દો, સૌને સુખે રહેવા દો.** આ વાક્યને ધર્મ દ્વારા ચરીતાર્થ કરાવવું જ પડશે. ધર્મના નામે તનાવ, અશાંતિ, હિંસા, ક્યાંય અને કદિ ન થાય તે માટે દરેક જીવમાં આત્મા રહેલ છે. તેને જાણવો જરૂરી છે. સર્વ ધર્મના પાયામાં આત્મા અને તેના ઉત્થાનની વાત રહેલ છે. ગીતા માં પણ આત્માથી જ આત્માનો વિકાસ થાય છે તેમ બતાવેલ છે.

## ધર્મચેતના

આત્માની ઉર્દ્વ ગતિથી મહાત્મા અને પરમાત્મા સુધી પહોંચી શકાય છે. આત્મા પરમાત્માનો અંશ છે. આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો, પાણી ભીંજવી શકતુ નથી. કે વાયુ સુકવી શકતો નથી. ભગવાન તો કરૂણા સાગર છે તે શરીર ધારણ કરે છે. શરીર વડે જ જગતનો વ્યવહાર ચાલે છે. તેમાં પ્રકૃતિના ગુણોની ભિન્નતાથી બુધ્ધિ અને સમજમાં ભિન્નતા પ્રગટે છે. જેમાંથી દ્વૈતનું સર્જન થાય છે. અદ્વૈત્ય ભાવ ભુલાય છે ત્યારે સ્વાર્થ અને સબંધના આટા પાટા રચાય છે. જેથી માનવતા અને સહિષ્ણુતા એક સમાન રહેતી નથી. પરીણામે વાતાવરણ અને પર્યાવરણની સ્થિતિ બદલાય છે. જીવ અને આત્મા ઉપર તેની અસરોનો પ્રભાવ પડે છે. વિચારોમાં શુધ્ધતા અશુધ્ધતાની ભેળસેળ થાય છે. સંઘર્ષો અને સ્પર્ધાઓ સર્જાય છે. સનાતન ધર્મનો સિધ્ધાંન્ત પરસ્પર દેવો ભવનો સંદેશ છે કે આ પૃથ્વી ઉપર જેનો જન્મ છે તેને જીવવાનો અને બીજાને જીવાડવાનો એક બીજાનો ધર્મ છે. જો માનવ આટલુ સમજે તો તે પોતે દુઃખી થશે નહિ અને બીજાને દુઃખ પહોંચાડશે નહિ.

કુદરતી ક્રમ છે કે જેનો જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે પણ ક્યારે, ક્યાં અને કેવી રીતે તે નિશ્ચિત નથી. માનવ એક જ બુધ્ધિશાળી, વિચારક, સામાજીક પ્રાણી છે. તે જો સાચી અને સારી રીતે સમજે અને સમજાવે તો માનવતા અને સહિષ્ણુતા ના પાયા પર સાચા ધર્મનું સ્થાપન સમગ્ર વિશ્વમાં પ્રસ્થાપિત કરી શકે તેમ છે. વિજ્ઞાન થી વિકાસ અને વિનાશ બંન્નેનું સર્જન થાય છે ત્યારે માનવ મનની શક્તિ વધારે અને વિનાશ થતો અટકાવે એવા વિચારો સાથે માનવતાનું મુલ્ય વધારે તે જરૂરી છે. બધા ધર્મના પાયાના સિધ્ધાંન્તો સાચી અને સારી રીતે સમજવાની આજના યુગની તાતી જરૂરીયાત છે. તેમ કરવાથી જ કુદરતી આફતો થી પણ બચી શકાય. ભગવાન સૌના ભલા માટે સૌને સદ્દબુધ્ધિ સદ્દપ્રેરણા અને સત્કાર્ય કરવા શક્તિમાન બનાવે.

**- પ્રવિણભાઇ પંડ્યા**
**નડીઆદ**

સંપાદક, મુદ્રક, પ્રકાશક : જોષી મનોજભાઇ બી. ૨૩ શુભમ સોસાયટી, કોલેજ રોડ, નડીઆદ, જી.ખેડા (ગુજ.) દ્વારા હિમાલી ગ્રાફીક્સ, વછેવાડ , નડીઆદ ખાતે છપાવી ૧૧૮ ઘંટાકર્ણ કોમ્પલેક્ષ ગંજબજાર નડીઆદથી પ્રસિધ્ધકર્યું.
Editor, Publisher, Printer : Joshi Manojbhai B. 23, Shubham Society, Collage Road, Nadiad Dist : Kheda (Guj.) Printed at Himali Graphics, Vachevad, Nadiad.